Saturday 31, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૪૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫



ગાડરિયાની પરિણીતા આપઘાત પ્રકરણમાં પતિની પિયરિયા વિરૂધ્ધ રજૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વલસાડ, તા. ૩૦ :** વલસાડ તાલુકાના ગાડરિયા ગામે આવેલા દાદરી ફળિયામાં ૨૪ વર્ષીય પરિણીતાએ પોતાના ઘરે આત્મહત્યા કરી લેવા ની ઘટના બાદ મૃતકના પતિએ પિયરપક્ષ તરફથી થતી રૂપિયાની સતત ઉઘરાણી અને દબાણના કારણે પત્નીએ આ અંતિમ પગલું ભર્યું હોવાના ગંભીર આક્ષેપો સાથે વલસાડ પોલીસ મથકમાં આવતીકાલે અરજી આપી ન્યાયની માંગણી કરનાર છે.

વલસાડ તાલુકાના ગાડરિયા ગામના દાદરી ફળિયામાં રહેતા જીગરભાઈ પટેલની ૨૪ વર્ષીય પત્ની મેઘનાબેન પટેલે અગમ્ય કારણોસર ઘરમાં ગળેફાંસો ખાઈ લીધો હતો. આ ઘટના બાદ પિયરપક્ષ દ્વારા સાસરીયાઓ પર આક્ષેપો કરવામાં આવતા મામલો ગરમાયો હતો. જોકે, આ અંગે પતિ જીગરભાઈ પટેલે શનિવારના રોજ પોલીસ સમક્ષ સમગ્ર હકીકત રજૂ કરી હતી.

જીગરભાઈએ જણાવ્યું કે મેઘનાબેને વલસાડના ધમડાચી ગામે રહેતા પોતાના ભાઈ માટે અગાઉ ૫૦,૦૦૦ની બે વાર લોન લીધી હતી. આટલું જ નહીં, તેમની નવજાત દીકરીના ભવિષ્ય માટે રાખેલા ૨૦,૦૦૦ પણ વાપરી નાખવામાં આવ્યા હતા. મેઘનાબેનનો ભાઈ લોનના હપ્તા ભરવા માટે અવારનવાર રૂપિયાની માંગણી કરી માનસિક ત્રાસ આપતો હતો. આ હપ્તો ભરવાની મજબૂરીમાં મેઘનાબેને પોતાના પતિની સોનાની ચેન પણ ગીરવે મૂકી દીધી હતી.

પત્નીના આપઘાત બાદ પિયરપક્ષ દ્વારા સાસરીવાળાઓને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ કરતાં જીગરભાઈએ વલસાડ પોલીસ ને લેખિત અરજી શનિવારના રોજ આપનાર છે. જેમાં મેઘનાબેન અને તેના ભાઈ વચ્ચે થયેલી વાતચીતનું ઓડિયો રેર્કોડિંગ તેમજ ચૂકવેલી રકમની તમામ વિગતો પુરાવા તરીકે રજૂ કરી સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરી ન્યાય આપવાની માંગ કરવામાં આવી છે. હાલ પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

તલાવચોરામાં ડૂપ્લીકેટ ચલણી નોટ સાથે ઝડપાયેલા આરોપીને ૧૦ વર્ષની સજા, દંડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **ચીખલી, તા.૩૦ :** ચીખલી તાલુકાના તલાવચોરા ગામના મોટા ફળિયા ખાતે રહેતા તેજસ કુમાર સુરેશભાઈ ચૌહાણ ઉ.વ. ૨૭ દ્વારા પોતાના ઘરે પ્રિન્ટર મશીન દ્વારા બનાવટી ચલણી નોટો છાપી ખુલ્લા બજારમાં ઉપયોગ કરતો હોવાનું નવસારી એસઓજીના પી.આઈ એઆર સૂર્યવંશીને બાતમી મળતા જેના આધારે ઓપરેશન પાર પાડવા માટે તારીખ ૨૭. ૧૨. ૨૩ ના રોજ સવારના સમયે એસઓજીના પોલીસ કર્મચારીઓ દ્વારા તેજસ ચૌહાણને ડુપ્લીકેટ ચલણી નોટો સાથે ઝડપી પાડ્યો હતો ત્યારબાદ ઘરે ચેક કરતા ઘરે એક પ્રિન્ટર મશીન કિંમત રૂપિયા ૫૦૦૦ તથા એક મોબાઈલ કિંમત રૂપિયા ૫૦૦૦ તથા પ્રિન્ટરનું કાર્ટિંગ ?૧૦૦ મળી કુલ રૂપિયા ૧૦,૧૦૦ અને રેડ દરમિયાન અંગ ઝડતી કરતા ૨૦૦ના તેમજ ૧૦૦ દરની બનાવટી ચલણી નોટો નંગ ૬૨ જેની કિંમત રૂપિયા ૧૧.૮૦૦ મળી આવી હતી જેની તપાસ સૌપ્રથમ ચીખલી પોલીસ મથકના પીએસઆઈ એચએસ પટેલ દ્વારા કરવામાં આવી હતી ત્યારબાદ વધુ તપાસ એમ. કે. ગામીત દ્વારા કરી મદદમાં ચીખલી પોલીસ મથકના રાઈટર સુનિલભાઈ પટેલ તથા હરીશભાઈ હરેખજીભાઈ અને હાલમાં ચીખલી પોલીસ મથકના પીઆઈ પીબી પટેલિયા દ્વારા જે તે સમયે તપાસ પૂર્ણ કર્યા બાદ આ કેસ નવસારી સેશન્સ કોર્ટમાં ચાલી જતા બનાવની ગંભીરતાને જોઈ નવસારી સેશન્સ કોર્ટના જજ પ્રશાંતકુમાર હસમુખલાલ શેઠે સરકારી વકીલ ટીસી સુલેની ધારદાર રજૂઆતોને ધ્યાનમાં રાખી તેજસ કુમાર સુરેશ ચૌહાણ ને ૧૦ વર્ષની સાદી કેદની સજા અને રૂપિયા ૮૦૦૦ નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ફરમાવતો હુકમ કરવામાં આવ્યો છે.

દેહરી કટવાર ફળિયામાં આંગણવાડી મકાનનુ ખાતમુહૂર્ત કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **ઉમરગામ, તા. ૩૦ :** ઉમરગામ તાલુકાના દેહરી કટવાર ફળિયામાં રૂપિયા ૧૬ લાખના ખર્ચે નિર્માણ થનાર આંગણવાડી મકાનનુ મંત્રોચ્ચાર સાથે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેને લઈને લોકોમાં વાલીઓમાં બાળકોમાં ખુશીની લાગણી છવાયેલી જોવા મળી હતી.જિલ્લા પંચાયતના સભ્ય વંદનાબેન માહયાવંશીના હસ્તે તાલુકા પંચાયતના સભ્ય કાજલબેન હળપતિ, ગ્રામ પંચાયતના સરપંચ ધનેશભાઈ, ઉપસરપંચ ઉમેશભાઈ, પંચાયતના સભ્યો નીતિનભાઈ તથા રેખાબેન, પુષ્પાબેન, હંસાબેન, રવિન્દ્રભાઈ તથા ગ્રામના આગેવાનો નીતિનભાઈ સાવે, દિનેશભાઈ, ચંદ્રેશભાઈ, નિકુંજભાઈ, સુભાષભાઈ, મનોજભાઈ, અશોકભાઈ, જીગાભાઈ, મુકેશભાઈ, દીપકભાઈ વિગેરેની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું આ પ્રસંગે આઈસીડીએસના અધિકારી, આંગણવાડી બહેનો, તલાટી કમ મંત્રી હંસાબેન તથા બાળકો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા પંચાયતના સભ્ય વંદનાબેન તથા સરપંચ ધનેશભાઈ અને મહાનુભાવોએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું બાળકો માટે ખૂબ સારી સુવિધા વાડી આંગણવાડી બને તે ખુબ ખુશીની વાત છે દેશમાં આરોગ્ય શિક્ષણ રોજગાર સહિત વિવિધ ક્ષેત્રે જન કલ્યાણના કામો થઈ રહ્યા છે ધારાસભ્ય રમણભાઈ પાટકર તથા સરકાર અને સ્થાનિક ગ્રામ પંચાયત જન કલ્યાણ અને લોકોની સુખાકારી માટે સતત કામ કરી રહી છે. જે અભિનંદન ને પાત્ર છે.

વાપી રેલ્વે ગરનાળાથી દારૂ ભરેલ કાર સાથે બે ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વાપી, તા.૩૦ :** વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે દમણથી સુરત તરફ લઈ જવાતો વિપુલ પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે.

વલસાડ SP યુવરાજસિંહ જાડેજાની સૂચના અને LCB PI એ.યુ. રોઝના માર્ગદર્શન હેઠળ LCB ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ખાનગી બાતમી મળી હતી. જેના આધારે વાપી ટાઉન રેલવેના મોટા ગરનાળા પાસે એક શંકાસ્પદ સફેદ મારુતિ સુઝુકી અર્ટીગા કાર નં. MH-04-LY-1587 ને રોકી તપાસ કરતા તેમાં કાળા કલરની પ્લાસ્ટિકની થેલીઓ અને ખીપી પૂંઠાના બોક્સમાં સંતાડેલી ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કી/બીયરની ૧૦૫૬ બોટલ/ટીન કુલ ૩૨૮.૨૦ લીટર કિંમત રૂ. ૨,૫૮,૬૮૦ નો જથ્થો મળ્યો હતો. પોલીસે કાર કિંમત રૂ. ૫ લાખ અને બે મોબાઈલ રૂ. ૧૦ હજાર મળી કુલ રૂ. ૭,૬૮,૬૮૦ ના મુદ્દામાલ સાથે કાર ચાલક રાજ ભીમાભાઈ મંગલભાઈ ઘોડિયા પટેલ ઉ. ૨૦ અને ક્લીનર વિવેક વિજયભાઈ નવીનભાઈ નાયક ઉ. ૧૮ બંને રહે તીઘરા, તા. પારડી ને ઝડપી પાડ્યા છે. દારૂ ભરેલી કાર આપનાર વોન્ટેડ આરોપી અંકીત રહે ડાભેલ, દમણને વોન્ટેડ જાહેર કરી વાપી ટાઉન પોલીસ મથકે પ્રોહી એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો છે.

ડાંગની ૪૧ ગ્રા.પં.ની સામાન્ય ચૂંટણી માટે સરપંચ પદના અનામત હોદ્દાની ફાળવણી

આહવા, તા. ૩૦ : રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ડાંગ જિલ્લામાં ટૂંક સમયમાં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી સંદર્ભે વહીવટી તંત્ર દ્વારા સરપંચ પદના અનામત હોદ્દાઓની ફાળવણી પૂર્ણ કરી લેવામાં આવી છે. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ તેમજ સંબંધિત ચૂંટણી નિયમો અને સુધારાઓ મુજબ આહવા, વઘઈ અને સુબીર તાલુકાની કુલ ૪૧ ગ્રામ પંચાયતો માટે સરપંચ પદનું રોટેશન (વારાફરતી ફાળવણી) નક્કી કરવામાં આવ્યું છે. આગામી સામાન્ય ચૂંટણી માટે અનુસૂચિત આદિજાતિ (ST) તેમજ મહિલા અનામત સહિતના સરપંચ પદના હોદ્દાઓની ફેરફાળવણી કરવાનો આદેશ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. ગ્રામજનો પોતાની પંચાયતમાં સરપંચ પદ કયા વર્ગ કે મહિલા માટે અનામત છે તેની સ્થિતિ જાણી શકે તે માટે આ ફાળવણીનું વિગતવાર લિસ્ટ સંબંધિત ગ્રામ પંચાયત કચેરી, મામલતદાર કચેરી, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, પ્રાંત કચેરી, કલેક્ટર કચેરી તેમજ જિલ્લાની સત્તાવાર વેબસાઈટ https://dangs.nic.in/ પર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. સંબંધિત ગ્રામજનોને આ યાદી જોઈ જરૂરી નોંધ લેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર, ડાંગ દ્વારા જણાવાયું છે.

ધરમપુરના કાનજી ફળિયામાં ડેન્ગ્યુ અને તાવનો વાવરથી લોકોમાં ચિંતા

ચારથી પાંચ દિવસમાં ૧૦થી વધુ લોકો બીમારીની ઝપેટમાં આવ્યાની માહિતી : કેટલાક દર્દીઓ વલસાડ ખાતે સારવાર લઈને માહિતી પ્રાપ્ત થઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **ધરમપુર, તા.૩૦ :** ધરમપુર નગરના કાનજી ફળિયા વિસ્તારમાં છેલ્લા ચારથી પાંચ દિવસ દરમિયાન ૧૦થી વધુ લોકો ડેન્ગ્યુ અને તાવની ઝપેટમાં આવ્યા હોવાની માહિતી સ્થાનિકો પાસેથી -ાપ્ત થઈ છે. આ પૈકી કેટલાક દર્દીઓને વધુ સારવાર અર્થે વલસાડ ખાતે તેમજ ધરમપુર ની સાઈનાથ હોસ્પિટલ અને આરોગ્યમ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે.

ધરમપુર નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ કાનજી ફળિયામાં એકસાથે અનેક લોકો બીમાર પડતાં સ્થાનિક રહીશોમાં ચિંતા અને ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે. વિસ્તારમાં ડેન્ગ્યુ જેવા રોગચાળાની આશંકા ઊભી થતાં આસપાસના રહીશોમાં પણ ભયનો માહોલ ફેલાયો છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ધરમપુર નગરપાલિકાના આરોગ્ય વિભાગ તેમજ ધરમપુર સરકારી હોસ્પિટલના આરોગ્ય તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી સ્થળ તપાસ કરવામાં આવે, બીમાર લોકોની આરોગ્ય તપાસ હાથ ધરવામાં આવે અને મચ્છરોના ઉપદ્રવને અટકાવવા જરૂરી દવાઓનો છંટકાવ તથા સફાઈ સહિતની કામગીરી કરવામાં આવે તેવી સ્થાનિક રહીશોમાંથી માંગ ઉઠી છે.

સાથે જ ડેન્ગ્યુ અને તાવના કેસો પાછળનાં કારણો શોધી રોગચાળો વધુ ફેલાય નહીં તે માટે આરોગ્ય તંત્ર દ્વારા યોગ્ય તકેદારી અને નિવારક પગલાં લેવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ઉમરગામના પૂરગ્રસ્ત ગામોને સહાય ન મળતાં કોંગ્રેસનું કલેક્ટરને આવેદનપત્ર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વલસાડ, તા. ૩૦ :** ઉમરગામ તાલુકામાં ચોમાસા દરમિયાન આવેલા ભયાનક પૂરમાં નુકસાન પામેલા પરિવારોને સરકારી સહાય ન મળતાં સ્થાનિક આગેવાનો અને અસરગ્રસ્તો દ્વારા વલસાડ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી તાકીદે સહાય ચૂકવવાની માંગ કરવામાં આવી છે. ઉમરગામના પૂરગ્રસ્ત ગામોને સહાય ન મળતા કલેક્ટરને આવેદનપત્ર આપવા જતી વખતે પોલીસ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે બબાલ થઈ હતી.

ઉમરગામ તાલુકામાં ચોમાસા દરમિયાન આવેલા ભયાનક પૂરમાં નુકસાન પામેલા પરિવારોને સરકારી સહાય ન મળતાં સ્થાનિક આગેવાનો અને અસરગ્રસ્તો દ્વારા આજરોજ વલસાડ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી જણાવ્યું ગત તારીખ ૨૨ અને ૨૩ જુલાઈ ૨૦૨૬ના રોજ પડેલા ભારે વરસાદના કારણે ઉમરગામ તાલુકાના અંકલાસ, નગવાસ, ઝરોલી તેમજ ભીલાડ ગામના વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. જેમાં અંકલાસ ગામના આંબાતપાડા, પારસીપાડા, વડીપાડા, ગઢેરપાડા, ગુરુડપાડા, નવલુંપાડા, વાણીયાપાડા તેમજ નગવાસ ગામના પારસીપાડા, માંગાતપાડા, પટેલપાડા, પ્રથમપાડા અને ઝરોલી ગામના ગુરુડપાડા તેમજ સોની ફળિયા જેવા વિસ્તારોમાં લોકોના ઘરોમાં પૂરના પાણી ફરી વળ્યા હતા. તેના કારણે કાચા-પાકા મકાનો, ઝૂંપડાં અને ઘરવખરીને વ્યાપક નુકસાન પહોંચ્યું હતું.

પૂર બાદ તલાટી કમ મંત્રી દ્વારા સ્થળ પંચક્યાસ કરી માહિતી મેળવવામાં આવી હતી. ગુજરાત સરકાર દ્વારા 'ચોમાસું-૨૦૨૬' અંતર્ગત સહાયની જાહેરાત કરવામાં આવી હોવા છતાં અસરગ્રસ્તોને કોઈ પણ -કારનું વળતર મળ્યું નથી. આ બાબતે સ્થાનિક ગ્રામજનોએ તલાટી, તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારને મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરી હોવા છતાં કોઈ યોગ્ય પગલાં લેવાયા ન હતા.

સરકારી સહાયથી વંચિત રહેલા પૂરપીડિતોના નુકસાનની પુનઃ ચકાસણી કે પંચક્યાસ કરવામાં આવે અને ખરેખર નુકસાન ભોગવનારા તમામ અસરગ્રસ્ત પરિવારોને વહેલી તકે સહાય આપવામાં આવે તેવી માંગ સાથે આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું છે. આ રજૂઆતમાં ઉમરગામ તાલુકા કોંગ્રેસ પ્રમુખ રવેશભાઈ ડી. પટેલ, આદિવાસી વારલી સમાજ સેવા સંઘના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ જયેશભાઈ ભગુભાઈ, વલસાડ જિલ્લા કોંગ્રેસ એસ.ટી. સેલ પ્રમુખ બાબુભાઈ પટેલ સહિત અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડ પાલિકાની સભામાં એજન્ડા વિરૂધ્ધની વાતો કરતાં સભ્યો કંટાળ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વલસાડ, તા.૩૦ :** વલસાડ નગરપાલિકાની આજરોજ મળેલી સામાન્ય સભામાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો. સભાની શરૂઆતમાં જ નિયત એજન્ડાના કામો હાથ પર લેવાને બદલે સભ્યો દ્વારા સ્થાનિક પ્રશ્નોનો મારો ચલાવવામાં આવતાં સભામાં હોબાળો મચી ગયો હતો.

વલસાણ નગરપાલિકાની આજરોજ સાંજે ચાર સામાન્ય સભા પ્રમુખ માલતીબેન ટંડેલ ની અધ્યક્ષપણા હેઠળ મળી હતી. પાલિકાની સભામાં પાલિકાના મહિલા સભ્ય જોત્સનાબેન રાઠોડ તેમજ સભ્ય નિતેશ વસીએ સભા શરૂ થતાં જ પોતાના વિસ્તારમાં અટવાયેલા વિકાસ કામો અને નગરપાલિકા તંત્ર દ્વારા યોગ્ય કામગીરી ન થતી હોવાના આક્ષેપો સાથે રજૂઆતો શરૂ કરી દીધી હતી. બંને સભ્યોએ એક પછી એક પ્રશ્નોનો મારો ચલાવતા સભાનું વાતાવરણ તંગ બની ગયું હતું.

પાલિકા પ્રમુખે સભાની ગરિમા જાળવવા અને એજન્ડા મુજબ કામગીરી આગળ ધપાવવા બંને સભ્યોને વારંવાર ટકોર કરી શાંત રહેવા વિનંતી કરી હતી, તેમ છતાં રજૂઆતોનો દોર અટક્યો નહોતો. લગભગ દોઢ કલાક સુધી ચાલેલી આ ખેંચતાણ અને હોબાળાના કારણે સભામાં હાજર રહેલા અન્ય સભ્યો ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા અને ભારે અકળામણ અનુભવી હતી. આખરે દોઢ કલાકની લાંબી રકઝક અને ઉગ્ર રજૂઆતો શાંત પડ્યા બાદ પાલિકા દ્વારા મૂળ એજન્ડા પર ચર્ચા શરૂ કરવામાં આવી હતી અને નિયત કામોને મંજૂરી આપવામાં આવી હતી.

કુંડી હાઈવે પરથી રૂા.૨.૫૪ લાખનો દારૂ ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વલસાડ તા ૩૦ :** ડુંગરી પોલીસ ની ટીમ પેટ્રોલિંગમાં ફરતી વખતે મળેલી બાતમી આધારે કુંડી હાઈવે પર વોચ ગોઠવી ઊભા રહેતા બાતમી વાળી કાર ને અટકાવવાના ઈશારો કરતા કારચાલક ઉતરી ભાગી છૂટ્યો જ્યારે બીજા ઈસમને ઝડપી પાડ્યો હતો. પોલીસે કામની અંદર તપાસ કરતા દારૂની બાટલીના ૧૬૭ કિંમત રૂપિયા ૨.૫૪ લાખનો દારૂ કાર મોબાઈલ મળી ૭.૫૯ લાખનો મુદ્દા માલ ઝડપી પાડ્યો છે.

ડુંગરી પોલીસ મથકના પી.આઈ. યુ. એચ. પટેલ તથા સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બાતમી મળતા પોલીસ સ્ટેશન વલસાડના નેશનલ હાઈવે નંબર ૪૮ પર કુંડી ઓવરબ્રિજ ચડતાં મુંબઈથી સુરત તરફ જતી શંકાસ્પદ બલેનો કાર નંબર GJ-10-DN-1312 ને રોકવાના ઈસારો કરતાં કાર ચાલક કાર મૂકી ભાગી છુટ્યો હતો. જ્યારે પોલીસે કારની અંદર તપાસ કરતા કારની પાછળની સીટ તથા ડીકી માંથી દારૂની ૧૬૭ બોટલો મળી આવી હતી.

પોલીસે ૨,૫૪ ૬૪૦ રૂપિયાનો દારૂ પાંચ લાખ રૂપિયાની કાર તેમજ એક નંગ મોબાઈલ કિંમત ૫,૦૦૦ મળી કુલ ૭,૫૯,૬૪૦ રૂપિયાના મુદ્દા માલ સાથે આરોપી રાહુલ હિમ્મતભાઈ ભીલ રહે. અમરેલી, નામના ઈસમની અટકાયત કરી હતી. જ્યારે કારચાલક નિકુંજ જમનભાઈ ગધેથરીયા રહે. જામનગર ફરાર થઈ જતાં તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૩૧-૧૦-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** આસો વદ, છઠ, **સૂર્યોદય :** ૦૬ : ૪૮ **સૂર્યાસ્ત** ૦૫ : ૫૮, **ચંદ્રોદય** - ૧૧:૦૦ **ચંદ્રાસ્ત** - ૧૨:૦૩ **ચંદ્ર રાશિ : મિથુન**, **નક્ષત્ર** - આર્દ્રા

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : ગુરુનું ગોચર તમારા માટે ખૂબ જ શુભ સાબિત થશે. આર્થિક સ્થિતિમાં મોટો સુધારો જોવા મળશે અને અચાનક ધન લાભ થવાના યોગ છે.

વૃષભ (બ, વ, ઉ) : તમારા માટે આજનો દિવસ મિશ્રિત ફળદાયી રહેશે. વેપારમાં નવા સંપર્કો બનશે જે ભવિષ્યમાં ફાયદો કરાવશે. લાંબા સમયથી ચાલી આવતી સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓમાંથી મુક્તિ મળશે.

મિથુન (ક, ઘ, ચ) : ચંદ્ર તમારી જ રાશિમાં હોવાથી માનસિક રીતે તમે ખૂબ જ સક્રિય રહેશો. તમારી વાતચીત કરવાની શૈલી તમારી સૌથી મોટી તાકાત બનશે, જેનાથી લોકો પ્રભાવિત થશે.

કર્ક (ડ, હ) : આજનો દિવસ સામાન્ય રહેશે. ખર્ચનું પ્રમાણ વધવાના કારણે બચતમાંથી પૈસા વાપરવા પડી શકે છે.

સિંહ (મ, ટ) : ગુરુ ગ્રહ તમારી જ રાશિમાં પ્રવેશ કરી રહ્યો છે, જે આત્મવિશ્વાસમાં અદ્ભુત વધારો કરશે. નોકરીમાં પ્રમોશન અથવા નવી નોકરીની ઓફર મળી શકે છે.

કન્યા (પ, ઠ, ણ) : ગુરુના રાશિ પરિવર્તનને લીધે તમારે નોકરી અને આર્થિક નિર્ણયોમાં થોડી સાવચેતી રાખવાની જરૂર છે. તમારા કાર્યસ્થળ પર જવાબદારીઓ વધી શકે છે.

તુલા (ર, ત) : નાણાકીય બાબતો અને ઓફિસની ચર્ચાઓમાં સાવધાની રાખવી. વક્રી ગ્રહોના પ્રભાવને લીધે જૂના આર્થિક નિર્ણયોની ફરીથી સમીક્ષા કરવી પડી શકે છે.

વૃશ્ચિક (ન, ય) : તમારા માટે આ સમય ભાગ્યશાળી નીવડશે. મોટી બિઝનેસ ડીલ થવાની સંભાવના છે. અટકેલા નાણાં પરત મળવાથી આર્થિક સ્થિતિ મજબૂત બનશે.

ધન (ભ, ધ, ફ, ઢ) : સમાજ અને કાર્યક્ષેત્રમાં માન-સન્માનમાં વૃદ્ધિ થશે. અચાનક ધન પ્રાપ્તિ થઈ શકે છે અને લાંબા સમયથી અટકેલા કાર્યો પૂરા થશે.

મકર (ખ, જ) : તમારે વેપાર અને નોકરીના ક્ષેત્રે ઉતાવળિયા નિર્ણયો લેવાનું ટાળવું.

કુંભ (ગ, સ, શ, ષ) : તમારા માટે સમય મિશ્ર ફળદાયી રહેશે. દિવસની શરૂઆતમાં ખર્ચનું પ્રમાણ વધારે રહી શકે છે, પરંતુ ગુરુના આશીર્વાદથી જીવનમાં સંતુલન જળવાઈ રહેશે.

મીન (દ, ચ, થ, ઝ) : તમારા માટે કામનો બોજો વધી શકે છે, અથવા કોઈ પ્રોજેક્ટ પૂરો કરવા માટે સામાન્ય કરતાં વધુ મહેનત કરવી પડશે. નાણાકીય આયોજનમાં સાવધાની રાખવી અને બજેટ પ્રમાણે ચાલવું.

દમણ રેડિયો

102.3 FM

શનિવાર/રવિવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

સુડોકુ નં.૨૦

			2		4			6
4					7	8	3	
	3							
		4	9				2	8
	1	6	7		2	9	4	
2	5				3	1		
							9	
	2	1	4					5
9			5		6			

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૧૯નો ઉકેલ

6	7	2	4	5	3	8	9	1
4	1	5	8	7	9	3	6	2
8	9	3	2	6	1	5	4	7
7	6	4	3	1	5	9	2	8
1	3	9	7	2	8	4	5	6
5	2	8	6	9	4	7	1	3
2	4	7	5	8	6	1	3	9
9	5	6	1	3	7	2	8	4
3	8	1	9	4	2	6	7	5

વલસાડમાં 'શ્રીમતી રેખાબેન કિશનભાઈ દેસાઈ કોલેજ ઓફ ફાર્મસી'નું લોકાર્પણ

કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, સાંસદ ધવલભાઈ પટેલ, દાતા પરિવાર, પદ્મશ્રી ગફુરભાઈ બિલખિયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૩૦ : શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર એવી શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડ સંચાલિત ચાલુ શૈક્ષણિક વર્ષથી શરૂ થયેલી 'શ્રીમતી રેખાબેન કિશનભાઈ દેસાઈ કોલેજ ઓફ ફાર્મસી'નું ભવ્ય લોકાર્પણ ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ પોતાના જૂના સંસ્મરણો વાગોળતા ભાવુક થઈ ગયા હતા.

તેમણે જણાવ્યું હતું કે 'હું પોતે પણ આજ કોલેજ કેમ્પસમાં અભ્યાસ કર્યો છે. આ કેમ્પસ સાથે મારી યાદો જોડાયેલી છે, જેથી શ્રી નૂતન કેળવણી મંડળ અને આ સંસ્થા માટે ગમે ત્યારે મદદરૂપ થવું એ મારી નૈતિક ફરજ છે. આ માટે મારો કોઈએ આભાર માનવાનો ન હોય.'

તેમણે આ માતબર યોગદાન બદલ સમગ્ર ગુજરાત સરકાર વતી દાતા પરિવારને ખાસ અભિનંદન પાઠવ્યા હતા.

સાંસદ ધવલભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં શિક્ષણના મહત્વ પર ભાર મૂકી ફાર્મસી અભ્યાસક્રમ માટે વલસાડમાં આટલી આધુનિક સુવિધા ઊભી કરવા બદલ સંસ્થાના હોદ્દેદારો તથા દાતા પરિવારનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

કોલેજના ડાયરેક્ટર ડો. દીપેશ શાહે કોલેજ નિર્માણની અદભુત સફર પર પ્રકાશ પાડયો હતો. તમણે આટલા ટૂંક સમયમાં સુસજ્જ કોલેજનું નિર્માણ થવું તે એકજૂથ ટીમના અવિરત પ્રયાસોનું પરિણામ ગણાવ્યું હતુ.

કાર્યક્રમના પ્રારંભે શ્રી નૂતન કેળવણી મંડળના પ્રમુખ શ્રીમતી સ્વાતિબેન લાલભાઈના સ્વાગત પ્રવચન અને દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું તથા દાતા પરિવારનું બહુમાન કરવામા આવ્યું હતું.

આ પ્રસંગે દક્ષિણ ગુજરાતના અગ્રણી મહાનુભાવો પદ્મશ્રી ગફુરભાઈ બિલખીયા, ડો. દિનેશ શાહ, ભરતભાઈ પટેલ, હેતલબેન પટેલ, હેમંતભાઈ કંસારા ઉપરાંત વલસાડ શહેરના નામી ગણમાન્ય નાગરિકો, કેળવણી મંડળના સભ્યો તથા દાતા અને કોલેજ પરિવારના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં. શ્રી નૂતન કેળવણી મંડળના માનદ મંત્રી કીર્તિભાઈ દેસાઈએ આભારવિધી કરી હતી.

રાષ્ટ્રીય એકતા દિવસના કાર્યક્રમોમાં નગરજનોને મોટી સંખ્યામાં જોડાવા અપીલ

વાપી મનપાની સામાન્યસભા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૩૦ : વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભા મેયર દક્ષાબેન પટેલના અધ્યક્ષસ્થાને મોરારજી દેસાઈ ભવન ખાતે યોજાઈ હતી. જેમાં શહેરના વિકાસ અને નાગરિક સુવિધાઓને લગતા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. સભામાં વાપીના પૂર્વ વિસ્તારમાં ફાયર સ્ટેશન બનાવવા કરવડ ખાતે કુલ ૭,૯૬૫ ચો.મી. જમીન પૈકી ૩,૦૦૦ ચો.મી. જમીન ફાયર વિભાગને ફાળવવાની મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત કરવડ અને વટારમાં કોમ્યુનિટી હોલના નિર્માણ માટે અનુક્રમે ૨,૫૦૦ ચો.મી. અને ૪,૭૦૭

ચો.મી. જમીન મહાનગરપાલિકાને ફાળવવા સરકારમાં દરખાસ્ત કરવા નિર્ણય લેવાયો હતો. શહેરની સફાઈ વ્યવસ્થામાં સુધારો લાવવા હવે દરેક વોર્ડમાં અલગ-અલગ એજન્સીઓ મારફતે શેરી સફાઈ, ઝાડી-ઝાંખરા દૂર કરવા અને કચરાના પરિવહનની કામગીરી કરાવવા માટેના ટેન્ડરને પણ મંજૂરી આપવામાં આવી હતી. સ્થાયી સમિતિના અધ્યક્ષ સતીશભાઈ પટેલે જણાવ્યું હતું કે વોર્ડદીઠ અલગ એજન્સીઓથી સફાઈની કામગીરીમાં જવાબદારી અને દેખરેખ વધશે. વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીની વિકાસ યોજનાની દરખાસ્તો સરકાર સમક્ષ રજૂ કરવાની મંજૂરી પણ આપવામાં આવી હતી. ડેપ્યુટી મેયર મીતેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે વિકાસ યોજનાની મંજૂરીના અભાવે વિકાસ પરવાનગીની પ્રક્રિયામાં મુશ્કેલી ઊભી થઈ રહી છે.

આજની સભામાં વિરોધ પક્ષના નેતા પીર મોહમ્મદ મકરાણી, ખડુભાઈ પટેલ, સભ્ય ક્રિષ્ના ભાનુશાલીએ પણ તેઓના વોર્ડમાં વિકાસના કામો તેમજ સાફ-સફાઈ અંગેની કામગીરી માટે રજૂઆત કરી હતી. જ્યારે ચણોદ વોર્ડમાંથી અપક્ષ ચૂંટાયેલા સભ્ય જીતેન્દ્ર માયાવંશી દ્વારા પોતાના વોર્ડમાં પીવાના પાણીની સમસ્યા હોવાની રજૂઆત કરી હતી. સભાના અંતે મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરી (IAS)એ ૩૧ ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે યોજાનારા રાષ્ટ્રીય એકતા દિવસના કાર્યક્રમોમાં નગરજનોને મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરી હતી.

સભામાં નાયબ મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલ, વિવિધ શાખાના અધ્યક્ષો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સભાનું સંચાલન મ્યુનિસિપલ સેક્રેટરી રીતેશભાઈ વાળંદે કર્યું હતું.

અકમૂલ દેવતા



કશ્મીરનો રામબન જિલ્લો ખૂબ જ સુંદર છે . જમ્મુથી શ્રીનગર જતાં હાઈવે નજીક સમાંતરે આ જિલ્લો આવેલ છે. અહીં અલગ બાંધણીના લાકડાના મંદિરો અને ગાઢ જંગલ પણ આવેલું છે. હજી ઘણાં બધાં કશ્મીરી પંડિતો અહીં નિવાસ કરે છે. જો કે, આંતકવાદ અહીં સુધી પ્રસર્યો નથી જે સુંદર વાત છે. બસ, વારેવારે કુદરતી આફતો રૂપી ભૂસ્ખલનની ઘટના ઝાઝી વાર થતી હોય છે જેથી રાષ્ટ્રીય ધોરી માર્ગ લાંબા સમય સુધી બંધ થઈ જાય છે.

અકમૂલ દેવતાની લોકકથાઓ - શાલદાન મોલમોલા

રામબનનાં લાકડાનાં મંદિરોનો પવિત્ર વારસો

રામબનમાં રોનક ઠાકુરજીના ઘરે બેઠા જિલ્લાના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા વિશે ચર્ચા મંદિરમાં અને આજુબાજુના ગામોમાં થતી રહેતી હોય છે. અમુક ગોત્રના પંડિતોના કુળદેવતા અકમૂલ દેવતા છે જેથી જે તે ગોત્રના પંડિતો તેમની વારે તહેવારે વિધિવત પૂજા કરતા હોય છે. કુળદેવતાને પ્રસન્ન રાખવા તેઓ જાતજાતની વિધિઓ પણ કરતાં રહે છે .આ દેવતાની પૂજા રામબનના પાલી વિસ્તારના શાલદાન-મોલમોલા પ્રદેશમાં કરવામાં આવે છે.

મોલમોલા નામના સ્થળ સાથે જોડાયેલી પરંપરા પણ સ્થાનિક માન્યતાઓ મોલમોલા દેવતાને ભગવાન વિષ્ણુ સાથે સંકળાયેલ છે. રામબનના વિવિધ વિસ્તારોમાં વિષ્ણુ સાથે સંબંધિત કેટલીક -ાચીન પરંપરાઓ અને મૂર્તિઓ પણ અસ્તિત્વ ધરાવે છે .જે ખરેખર જોવા લાયક તો ખરી જ પણ ઊંડા સંશોધન માટે પણ ખૂબ ઉપયોગી છે.અહીં રામબનમા અકમૂલ દેવતા, તેમના પુત્ર શસર નાગ દેવતા અને નાગણી માતાને સમર્પિત ત્રણ પ્રાચીન લાકડાનાં મંદિરો છે, આ પવિત્ર સ્થાનની મુલાકાત લેવું આસ્થાને પાત્ર છે .અહીં મંદિર ખૂબ જ સુંદર તો ખરું જ પણ ઝરણાના પાણી જેવું સ્વચ્છ અને નિર્મળ છે.આ એક મંદિરની અનહદ શોભા છે અને શ્રદ્ધાળુઓ માટે ધાર્મિક આસ્થાનો વિષય છે.

મંદિર સુધીની યાત્રા પણ અનુપમ છે .ગાઢ વનરાજી અને સ્વચ્છ આબોહવાથી આખું પર્યાવરણ પ્રદૂષણ રહિત છે. આ નજારો ખરેખર માણવાલાયક હોય છે.

પહાડી પ્રજા ભારે મહેનતુ તો ખરી જ પણ નિર્દોષ આનંદભરી મસ્તીથી જીવતી હોય છે. અમે રામબનથી નીરા અને પાલી શાલદાન તરફના રસ્તા પણ રમણીય છે.

મંદિર તરફ જવાનો રસ્તો સુંદર જંગલોમાંથી પસાર થતો હતો. અહીં રસ્તાની આજુબાજુ ખેતરોમાં કામ કરતી , જંગલમાં ઉગતી કસ્રોડ નામની જંગલી શાકભાજી શોધી રહેતી સ્ત્રીઓના ઝુંડ ખૂબ ભલી અને સહયોગ કરનારી હોય છે. તેઓ વટેમાર્ગુઓ અને મહેમાનોને ખૂબ ઈજ્જત કરતાં હોય છે .તેઓ ભારે આદર સત્કારથી મહેમાનોને અતિથિ રૂપે ભાવ સત્કાર કરે છે. પહાડી જિંદગીનું આ નૈસર્ગિક રૂપ હોય છે જે નિર્દોષ સુંદર હોય છે. અહીં મંદિરમાં દેવો અને દેવ સેવા સાથે જોડાયેલી ધાર્મિક વિધિઓ, પરંપરા, તહેવારો, તિથિઓ, મેળા અંગેની પણ વિસ્તૃત માહિતી સ્થાનિક લોકો ખુલ્લા દિલથી આપે છે. મંદિરની સાથે સાથે પોતાના ઘરે પણ ખાસ આગ્રહ કરીને બોલાવીને લઈ જાય છે અને ભાવથી સરભરા કરે છે. દેવતાના વર્તમાન દિવાલા (દેવતાની. તેમણે અમને નજીકના દામોટે સેરી ગામમાં પોતાના ઘરે આવવા હાર્દિક આમંત્રણ અને બપોરના ભોજનની પણ વ્યવસ્થા નિ:શુલ્ક રીતે કરતાં હોય છે. સ્થાનિક સાથેની વાતચીત દરમિયાન અકમૂલ દેવતા સાથે જોડાયેલો ઈતિહાસ, પરંપરાઓ અને સ્થાનિક માન્યતાઓ વિશે વધુ જાણકરી પ્રવાસીને મળે છે.

ત્રણ લાકડાનાં મંદિરો

આ પવિત્ર સ્થળનું મુખ્ય મંદિર અકમૂલ દેવતાને સમર્પિત છે. તેની બાજુમાં શસર નાગ દેવતાનું મંદિર આવેલું છે, જેમને અકમૂલ દેવતાના પુત્ર માનવામાં આવે છે. ત્રીજું અને કદમાં નાનું મંદિર નાગણી માતાને સમર્પિત છે, જેમને અકમૂલ દેવતાનાં પત્ની માનવામાં આવે છે.

સ્થાનિક પરંપરા અનુસાર, આ મંદિરની સ્થાપના સાથે અનેક સ્વપ્નોની કથા જોડાયેલી છે.

કહેવાય છે કે એક વખત અકમૂલ દેવતાએ વર્તમાન પરિવારના એક પૂર્વજને સ્વપ્નમાં દર્શન આપ્યાં હતાં. દેવતાએ તેમને જણાવ્યું કે તેઓ એક ચોક્કસ સ્થળે નિવાસ કરે છે અને તેમને ત્યાંથી ઊંચા સ્થાન પર લઈ જવાની ઈચ્છા ધરાવે છે. બીજા દિવસે સવારે તે વ્યક્તિ સ્વપ્નમાં જોયેલા સ્થળે ગયા અને દેવતાને શોધવા લાગ્યા, પરંતુ તેમને કંઈ મળ્યું નહીં. તે રાત્રે દેવતાએ ફરી સ્વપ્નમાં દર્શન આપ્યાં અને એક ચોક્કસ પથ્થર વિશે વધુ વિગતો જણાવી.

બીજા દિવસે તેઓ ફરી તે સ્થળે ગયા. આ વખતે તેમને પથ્થર મળી આવ્યો અને તેઓ તેને વર્તમાન મંદિરના સ્થળે લઈ આવ્યા. એક વર્ષની અંદર ત્યાં અકમૂલ દેવતા માટે લાકડાનું મંદિર બનાવવામાં આવ્યું.

ત્યારબાદ નાગણી માતાએ પણ તેમને સ્વપ્નમાં દર્શન આપ્યાં અને જ્યાં તેમના પતિ નિવાસ કરતા હતા ત્યાં લઈ જવાની ઈચ્છા વ્યક્ત કરી. તેમની ઈચ્છા અનુસાર નાગણી માતાને પણ આ પવિત્ર સ્થળે લાવવામાં આવ્યાં અને તેમના માટે એક નાનું લાકડાનું મંદિર બનાવવામાં આવ્યું. ત્યારબાદ અકમૂલ

ચસ્મે બદૂર કશ્મીર

ડો. રાધિકા ટીક્કુ, વલસાડ

દેવતાએ ફરી સ્વપ્નમાં દર્શન આપીને પોતાના પુત્ર શસર દેવતાને પણ આ જ સ્થળે લાવવાનો આદેશ આપ્યો. ત્યારબાદ તેમના માટે પણ મંદિર બનાવવામાં આવ્યું.

આ રીતે, સ્થાનિક માન્યતા અનુસાર, પર્વતોની વચ્ચે આવેલા આ સુંદર સ્થળે ત્રણેય પવિત્ર મંદિરોની સ્થાપના થઈ.

લાકડાની પરંપરાગત સ્થાપત્યકલા

આ મંદિરને વિશેષ મહત્ત્વ આપતી બાબત તેની પરંપરાગત લાકડાની સ્થાપત્યશૈલી છે.મુખ્ય મંદિર લાકડાના મંચ પર બનાવવામાં આવ્યું છે. તેની ઉપર પગથિયાં જેવી રચનાવાળી લાકડાની છત છે, જેને ચાર લાકડાના થાંભલા ટેકો આપે છે. મંદિરની દીવાલો અને છત લાકડાના પાટિયાંથી બનાવવામાં આવી છે. આ પાટિયાંમાંથી ઘણાં પર નાગની આકૃતિઓનું સુંદર કોતરકામ કરવામાં આવ્યું છે.મંદરની અંદર દેવતાનું પ્રતીક એક સાદા પથ્થરના સ્તંભ સ્વરૂપે જોવા મળે છે. લાકડાના થાંભલાઓ પર પણ પરંપરાગત નાગ આકૃતિઓ કોતરવામાં આવી છે. આ કળા સ્થાનિક ધાર્મિક પરંપરાઓ, પ્રકૃતિ અને પર્વતીય પ્રદેશની પ્રાચીન સંસ્કૃતિ વચ્ચેના ગાઢ સંબંધને દર્શાવે છે. નાગણી માતાનું નાનું મંદિર પથ્થરના મંચ પર આવેલું છે. ત્રણેય મંદિરો પરંપરાગત લાકડાનાં કળશ જેવા સ્થાપત્ય તત્ત્વોથી શણગારવામાં આવ્યાં છે.

પૂજા અને ધાર્મિક પરંપરાઓ

અકમૂલ દેવતાની પૂજા માટે સોમવાર અને ગુરુવારને શુભ દિવસો માનવામાં આવે છે.દેવતાને મીઠું અને ઘી મિશ્રિત ભાત ધરાવવામાં આવે છે. ત્યારબાદ તેને પ્રસાદ તરીકે ભક્તોમાં વહેંચવામાં આવે છે. સ્થાનિક પરંપરા અનુસાર, દર વર્ષે યોજાતા જગ નામના વિશેષ ધાર્મિક પ્રસંગે ઘેટા અથવા બકરાનું બલિદાન પણ આપવામાં આવે છે. સોમબારિયા, કટોચ અને બાલી કુળના લોકો અકમૂલ દેવતાના અનુયાયીઓમાં સામેલ છે.

મોની માતા - અકમૂલ દેવતાની જોગણ

આ પવિત્ર સ્થળ સાથે અન્ય એક સ્થાનિક દેવીની પરંપરા પણ જોડાયેલી છે. પહાડીની ધારની ઉપર મોની માતાને સમર્પિત એક નાનું મંદિર આવેલું છે. સ્થાનિક લોકોની માન્યતા અનુસાર, મોની માતા અકમૂલ દેવતાની જોગણ છે.

તેમનું નાનું પથ્થરનું મંદિર દેવદારનાં વૃક્ષોથી ઘેરાયેલા સુંદર ઘાસના મેદાનમાં આવેલું છે. શાંત વાતાવરણ, ગાઢ જંગલો, પર્વતમાળાઓ અને પરંપરાગત મંદિર મળીને એક અદ્ભુત સાંસ્કૃતિક દૃશ્ય રચે છે.

એક એવો વારસો જેને સંરક્ષણની જરૂર છે

અકમૂલ દેવતાનાં ત્રણ લાકડાનાં મંદિરો રામબનના જીવંત સાંસ્કૃતિક વારસાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. તેમનું મહત્ત્વ માત્ર ધાર્મિક આસ્થામાં જ નથી, પરંતુ તેમની પરંપરાગત સ્થાપત્યશૈલી, લાકડાની કારીગરી, નાગની આકૃતિઓ, મૌખિક લોકપરંપરાઓ અને કુદરતી પર્યાવરણ સાથેના સંબંધમાં પણ સમાયેલું છે. દુર્ભાગ્યે, પર્વતીય વિસ્તારોમાં આવેલાં પરંપરાગત લાકડાનાં મંદિરો અને પવિત્ર સ્થાનો ધીમે ધીમે અદશ્ય થઈ રહ્યાં છે. અનેક મંદિરોની જગ્યાએ સિમેન્ટ-કોંક્રિટનાં બાંધકામો થઈ રહ્યાં છે,

જ્યારે કેટલાંક મંદિરો હવામાનની અસર, ઉપેક્ષા અને સમયના પ્રભાવને કારણે નુકસાન પામી રહ્યાં છે.

આથી, જ્યાં શક્ય હોય ત્યાં આવા પરંપરાગત મંદિરોને તેમનાં મૂળ સ્વરૂપમાં જાળવવા અને તેમનું દસ્તાવેજીકરણ કરવા માટે પ્રયત્નો કરવા જરૂરી છે.જેથી પંડિત સમુદાય પૂરેપૂરી કોશિશ કરી રહ્યાં છે.રામબનનાં આ લાકડાનાં મંદિરો માત્ર જૂનાં બાંધકામો નથી. તેઓ પર્વતીય સમુદાયોની પેઢીઓથી ચાલી આવતી કારીગરી, આસ્થા, સ્મૃતિઓ અને પરંપરાઓના જીવંત પ્રતીકો છે.

શાલદાન મોલમોલા ખાતે આવેલું અકમૂલ દેવતાનું મંદિર આ જીવંત સાંસ્કૃતિક વારસાનું એક સુંદર ઉદાહરણ છે. રામબનના લોકો, ખાસ કરીને આ મંદિર સાથે જોડાયેલા પંડિત સમુદાય પોતાની લોકકથાઓ, સ્મૃતિઓ, ધાર્મિક પરંપરાઓ, સુધારાઓ અને સ્થાનિક લોકકથાઓ આવી માહિતી ભવિષ્યની પેઢીઓ માટે આ વારસાનું વધુ સચોટ અને વિગતવાર દસ્તાવેજીકરણ ખૂબ સુંદર રીતે, ભારે ચીવટથી કરી રહ્યાં છે જેથી આવનારી પેઢી તેમનો ભવ્ય વારસો જાળવી શકે અને પરંપરાગત આગળ વધારી શકે.

આપણાં મંદિરો, લાકડાનાં પવિત્ર સ્થાનો અને ધાર્મિક મહત્ત્વ ધરાવતાં કુદરતી સ્થળો રામબનના સાંસ્કૃતિક ઈતિહાસનો અભિન્ન ભાગ છે. આ વારસો લુપ્ત થઈ જાય તે પહેલાં તેનું સંરક્ષણ કરવા પંડિતો કમર કસીને ભગીરથ પ્રયત્નો કરી રહ્યાં છે .

જેના કાન સખણા એ ખાય નહિ ડફણા..!

નાક અને કાનવીંધવાની પ્રથા છોકરીઓમાં પુરાણી છે, અને દીકરીઓને એ શોભે પણ ખરી. પણ જ્યારથી મા-બાપના હાથમાં મોબાઈલ આવ્યો ત્યારથી, દીકરાઓના કાન વીંધવાનું મા-બાપ ભૂલી ગયા. અને છોકરાઓ પણ કાન વિંધાવતા ને લટિયા લાંબા રાખતા થઈ ગયા. આવું કેમ કરે છે એનું કારણ મને ખબર નથી. કદાચએવું પણ હોય, પારકી આવીને કાન વીંધેએ પહેલા, જાતે જ વીંધાવેલા સારા..! એના કપાળમાં કાંદા ફોડું..! આજે મને કાન વિષે કાનફૂસી કરવાની ઉપડી છે બોસ..! શરીર બનાવતા વધ્યો-ઘટ્યો માલ ચહેરાની બંને બાજુએ ઠાલવ્યો હોય એવા બંને કાન માટે, કેવી કેવી છોડિયાફાડ કહેવતો આપી છે..?કાન છે કે કોડિયાં, કાનના કીડા ખરીગયા, કાનમાં ઝેર રેડ્યું, કાનાફૂસી કરી,કાચા કાનનો નીકળ્યો, એક કાનથીસાંભળે ને બીજા કાનથી કાઢી નાંખે, એનાકાનમાં તમરા બોલે, પારકી મા હોય એ જકાન વીંધે, કાન આમળી નાખવો વગેરેવગેરે..!

અહાહાહા...! કેવીમોંઘીદાટ મિલકત સાથે, ભગવાને આપણને પૃથ્વી ઉપર મોકલ્યા છે યાર..! અમુક તો એવી એવી સર્કીટ નાંખેલી કે,બે-ચાર તાજમહાલ વેચી નાંખીએ તો પણ નહિ મળે..! હૃદય ગયું એટલે ગયું..! દુનિયાના વિઝા પુરા થયા એમ, ચાલતી જ પકડવાની..! કોઈથી કોઈ વાતે કમી નહિ યાર..? એ વાતની પણ ચિંતા રાખેલી, કે મારો બનાવેલો ધરતી ઉપર ગયા પછી,ભલે મને બનાવે, પણ પોતે હેરાન થવોજોઈએ નહિ..! શરીરના 'સ્પેર પાર્ટસ' નું રીપેરીંગ કરવા કે, નકલી પાર્ટસ નાંખવા, તજજ્ઞોની વ્યવસ્થા પણ પૃથ્વી ઉપર કરી આપેલી. આજેઆંખ-કાન-નાક-ગળા-હૃદય-દાંત વગેરેનાંડોકટરોની ઉપલબ્ધી એ ભગવાનનીઆગોતરી વ્યવસ્થા છે..! આંખનીમાથાકૂટ આવે તો આંખના તજજ્ઞ હાજર,નાકની આવે તો નાકના હાજર, દાંતનીઆવે તો દાંતના હાજર, ને કાનની આવે તોશ્રવણ-યંત્રો હાજર..!

પેટ છૂટી વાત કરું તો, શરીરના તમામ અંગોમાં કાન મનેગમે બહુ..! બંને કાનની કોઈ ઝંઝટ જ નહિ. ઋષિમઠની જેમ તપસ્વિની માફક ધૂણી ધખાવીને બેઠા જ હોય..! અનેક આર્કિટેક્ચરને ચાર-પાંચ વેકેશનમાં બેસાડીને, ભગવાને શરીરની ડીઝાઈન બનાવી હોય એમ, કોઈને કોઈ તકલીફ જ નહિ. યુનિવર્સલ એક જ ડીઝાઈન..! કાનની રચના જોઈએ તો શરીરની બાઉન્ડ્રી બહાર બિન અધિકૃત બાંધકામ થયેલું હોય એવું લાગે. પણ બાંધણી એવી કે, શરીરની શોભા વધારે. એકદમ નિસ્પૃહી ને, બિનઉપદ્રવી..! સિવાય કે કાન વાટે કાનફૂસીકરીને કોઈ, જીભની અદાલતમાં કેસપહોંચાડે તો જ દંગલ થાય. લાગે આતંકવાદી થાણા જેવાં, પણ સ્વભાવનાં શાંત. સિવાય કે એ નિર્દોષ કાનનો ઉપયોગ કરીને કોઈ આતંક ફેલાવવાનો પ્રયાસ કરે તો જ ધીંગાણા થાય. ચહેરાનીબંને બાજુના ઓપન પ્લોટમાં, એવાંગોઠવાયેલાં કે તીર્થ-સ્થળ જેવાં લાગે. એટલું જ નહિ કોઈ દયાળુ દાનેશ્વરીએચહેરા ઉપર બે ચબુતરા બાંધ્યા હોય એમશોભા પણ વધારે..! રસ્તાના આઈલેન્ડજેવાં..! ગમે એવી સુનામી આવે કેબોમ્બ-ધડાકા થાય, પોતે શાંતિના દૂતજેવા..! શરીરના એમ્બેસેડર એટલે બંને કર્ણો..! પોતે નિર્લેપ રહે, ને બરાડા મોંઢાપાસે પડાવે..! જગતને સંદેશ પણ આપે કે,' સુખી રહેવું હોય તો, મારી જેમ સરળશાંત અને સીધા-સાદા થઈને રહેવાનું, તોજ જગતની ચોક વચ્ચે ઊભાં રહેવાય..! કોઈની હળી નહિ કરવાની..! કાન અને ગાલ બંને લાલ થઈ જાય..! બંને કાનો સ્વયં એવા અહિંસક કે, ક્યારેય સ્થાન ભ્રષ્ટ થઈને મારામારી કરવા નીચે ઉતરતા નથી. દયાળુપણ એવા કે, 'કોઈ ડાબાકાન ઉપર પ્રહાર કરે તો, જમણો કાનઆગળ ધરે..! સ્થિતપ્રજ્ઞ થઈને જોયાકરશે, પણ ધમકી નહિ આપે કે, 'હું તનેજોઈ લઈશ..!' બાકી બીજા અંગો તોફાને ચઢ્યા તો, શરીરને રમણ-ભ્રમણ કરી નાંખે. માત્ર બોચી જ હાથમાં આવવીજોઈએ..!

કાન આમળવાના જલ્લાદ-યોગોનો અનુભવ આપણને ભણતા ત્યારથી જ થયેલો એની બધાને ખબર છે. કોઈ પણ આવીને કાન ખેંચવાની કરામત કરે એટલે, આંખ સામે નિશાળ દેખાવા માંડે. મગજના યંત્રની સ્વીચ કાનની બુટ્ટીમાં હોય એમ, શિક્ષક

કાન જ મરોડતા. નાકઆમળવાનો બળ-પ્રયોગ, કોઈ શિક્ષકે કર્યો હોય તેવું ધ્યાનમાં નથી. શરદીહાથમાં આવી જાય..! ત્યારે કાનની છેડતીકરવામાં કોઈ જોખમ જ નહિ. કોઈએ ગાલને બદલે કાનમાં બચી કે બચકા ભર્યા હોય તેવું બન્યું નથી. પછી તો જેવો જેવોમામલો..! પ્રત્યેક કાન અને નાકનો પણ એક સિધ્ધાંત છે. આંખમાં કણી પડે તો કોઈની આંખ ભાડેલેવી પડે. એક કાન દુખી થતો હોય તો,બાજુનો કાન પૂછવા નહિ આવે કે, MAY I HELP YOU BROTHER..? બે સગાભાઈ વચ્ચે અણબનાવ હોય એમ, બે કાનવચ્ચે પણ અબોલા હોય. માણસ કાનનોસ્પર્શ કરી શકે, પણ માણસનો સ્પર્શકરવા કાન આવે નહિ. કાન આમળવાની, કાનની હળી કરવાની કે કાન ભંભેરવાની છૂટ, પણ કર્ણ-દર્શન કરવા હોય તો અરીસાની મદદ લેવી પડે. જેમ કે હવાનેમહેસુસ કરાય, પણ હવાને જોઈ શકાતી નથી, એમ કાન-નાક અને આંખ સ્પર્શીશકાય, પણ દેખી શકાય નહિ. એના કપાળમાં કાંદા ફોડું, ફોટા સાથે લગનકરીને, ઘણા જિંદગી ખેંચી નાંખે, એમ ગાડુંગબડાવ્યા કરવાનું...! બીજું શું..?

તુંડે તુંડે મતિરભીન્નાની માફક, માણસે માણસે કાનનીડીઝાઈન અલગ..! કોઈના કાન લસણનીગાંઠ જેવાં, કોઈના મંજીરા જેવાં, કોઈનાતુરિયા જેવાં કે, કોઈના ચીભડાં જેવાં હોય.ઘણામાં તો શોધવું પડે કે, બંદાને ભગવાને કાનની મિલકત આપેલી છે કે નહિ? કે પછી કાન વગર જ પાર્સલ થયેલા છે? 'એક્ચ્યુલી' આપણે ત્યાં 'MISS WORLD' ની સ્પર્ધા થાય છે, એવી 'MISS EAR' ની સ્પર્ધા પણ થવી જોઈએ. ખબર તો પડે કે, કયા દેશનો કાન સૌથી વધારે સૌંદર્ય પ્રધાન છે, ને કોનો કાનગુણીયલ છે..? વિવિધ કાનના પ્રકાર પણજાણવા મળે..? કાચા કાનવાળા હોય એને,પાકા કાનવાળાના ભેદની ખબર પણ પડે..! બાકી, પસંદગીના સ્થળે, કાનનો સેટબેસાડવા, ડીઝાઈન બદલવા કેઆખેઆખા કાન બદલવાની દિશામાંઆપણે જોઈએ એટલું ખેડાણ કર્યું નથી. કન્યાદાન, રક્તદાન, દેહદાન, ભૂમિદાન,અન્નદાનની માફક 'કર્ણ-દાન' કરવાનોમહિમા બહાર આવ્યો નથી. બહુ બહુ તોકાનના શટર બંધ થાય, તો શ્રવણ-યંત્રાનીમદદથી ખોલી આપે, બાકી ફલાણા'હીરો-હિરોઈન' જેવા કાન નાંખી આપવાનીદુકાનો ખુલી નથી. કાન હૈ તો કહાન હૈ..! કાનનું કામકાજ એટલું જ કે, અવાજનાતરંગોને ઝીલીને, શ્રવણ સુવિધા દ્વારામગજ સુધી પહોંચાડવાનું..! પછીનોકારભાર અંદરનો સ્ટાફ સંભાળે..! દુકાનઆગળ લટકાવાતા લીંબુ મરચાંની માફકવળગેલા બંને કાન, માત્ર મોંઢાની શોભાછે. કાનના ડબલાં દ્વારા પ્રવેશ પામેલાશબ્દો, સ્વસ્તિ છે કે ગાલી-પ્રદાન, એનુંપૃથ્થકરણ અંદરનો સ્ટાફ કરે. બંગલામાંજેમ આગળનો ડ્રોઈંગ-રૂમ ચોખ્ખો ચટાકહોય એમ, કાન ચોખ્ખે ચોખ્ખા, માથાકૂટ બધી અંદર હોય..! બાહ્યકર્ણ, મધ્યકર્ણઅને અંતઃકર્ણની ત્રણ સરકીટમાંથી એકાદનિષ્ફળ જાય તો, માણસ સાંભળવાનીશક્તિ ગુમાવી દે. લોકલ કંપનીનો માલહોય તો, વોરંટી પીરીયડમાં રીટર્ન કરીદેવાય. પણ આ તો ભગવાનની પ્રોડક્ટ..! માલ બદલાવવો હોય તો જાતે જ ઉપર જવુંપડે..! કાનનું કામ સાંભળવાનું, અને સંભળાવાનું કામ જીભનું..! કાન હમેશાON LINE ખરા, પણ પોતે કોઈ માથાકૂટમાં નહિ પડે. સાંભળીને હવાલો જીભને સોંપી દે..! જેમના કાનના શટર બંધકે બગડેલાં હોય, એને તો ભારે તકલીફ..! મુકેશ ના ગીતો હોય કે, મગનલાલના,લતાના હોય કે લલીતાના, એને કોઈ ફરકનહિ પડે..! વાઈફ સાથે ખાનગી વાર્તાલાપ કરવો હોય તો પણ બરાડા પાડવા પડે..! અમુક વખતે તોએવાં બરાડા પાડવા પડે કે, બોચીએપરસેવાના ઝરા ફૂટે, ને પાડોશી દોડી આવેતે અલગ..!

લાસ્ટ બોલ

ચમનીયો કાનના ડોકટર પાસે જઈને કહે,'સાહેબ..! મને મારા કાનમાં કોઈ ગરબડ લાગે છે. મારી વાઈફ જે કંઈ બોલે તે મને સંભળાતું નથી..!'

ડોકટર કહે, 'એને કાનની ગરબડ નહિ કહેવાય. કુદરતની મહેરબાની કહેવાય..! જેમણે પૂર્વ જનમમાં સારા કર્મો કરેલા હોય એને જ આવી કુદરતી બક્ષીસ મળે..! તારા કપાળમાં કાંદા ફોડું..!

ગુણવત્તાયુક્ત સંશોધન

ઓલ ઈન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન (AISHE) ૨૦૧૭-૨૦૧૮ લોન્ચીંગ સમયે હયુમન રિસોર્સ મિનિસ્ટર પ્રકાશ જાવડેકરજીએ શિક્ષણમાં ગુણવત્તા, ઓટોનોમસની સાથે સાથે રિસર્ચ વર્ક ઉપર ભાર મૂકવા જણાવ્યું હતું. ૧૯૯૧માં લિબરલાઈઝેશન, પ્રાઈવેટાઈઝેશન અને ગ્લોબલાઈઝેશન જેને ટૂંકમાં આપણે LPG તરીકે ઓળખીએ છીએ એના સંદર્ભે વિચારીએ તો ખૂબ જ રેપિડ ચેઈન્જીંગ ગ્લોબલ એન્વાયરમેન્ટને પહોંચી વળવા માટે એકાઉન્ટન્સી વિષયમાં પણ નવા નવા ઈનોવેશન્સ અમલમાં આવ્યા છે અને તેથી જ આજના સેમિનારનો ટોપીક રિસર્ચ ઈન એકાઉન્ટન્સી ખૂબ જ રિલેવન્ટ છે. આ વિષય પર સેમિનાર યોજવા માટે ઈન્ડિયન એકાઉન્ટીંગ એસોસીએશન દક્ષિણ ગુજરાત બ્રાંચના હોદ્દેદારોને હાર્દિક અભિનંદન પાઠવું છું. આપણા ગુજરાત રાજયમાં કે ભારત દેશમાં પણ વર્તમાનમાં માસ એજ્યુકેશનને પરિણામે દર વર્ષે ઢગલેબંધ ગ્રેજ્યુએટ્સ, પોસ્ટ ગ્રેજ્યુએટ્સ અને હવે તો એન્જિનિયર્સ અને એમ.બી.એ. પણ ડિગ્રી લઈને માર્કેટમાં આવે છે. હવે આજ પરિસ્થિતિ ડોકટરેટ (Ph.D) ઉપાધિમાં પણ જોવા મળે છે. એક અંદાજ મુજબ ભારતમાં દર વર્ષે ૧૫૦૦ જેટલા પીએચ.ડી. બહાર પડે છે. ખૂબ જ મોટી સંખ્યામાં રિસર્ચ પેપર્સ પ્રકાશિત થાય છે ત્યારે સ્વાભાવિકપણે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે પ્રકાશિત સંશોધનપત્રો પૈકી ગુણવત્તાયુક્ત રિસર્ચ પેપર કેટલા??છેલ્લા દશકામાં સમગ્ર ભારતમાં યુનિવર્સિટીઓની સંખ્યા, કોલેજોની સંખ્યા અને ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ખૂબ મોટો વધારો થયેલો જોવા મળે છે. પરંતુ થયેલા સંખ્યાત્મક વધારાની સામે ગુણાત્મક ફેરફાર નોંધાયો નથી એ પણ સ્વીકારવું જ રહયું. ૧૯૯૮ થી ૨૦૦૭ દરમ્યાનના દસ વર્ષોમાં ૧,૧૪,૨૦૦ જેટલી ડોકટરેટની ઉપાધિઓ ભારતની વિવિધ યુનિવર્સિટીઓ દ્વારા એનાયત થઈ. પરંતુ કવોલીટી બાબતે મોટો પ્રશ્નાર્થ છે. એવું નોંધાયું છે કે અસંખ્ય યુનિવર્સિટીઓમાં વૈવિધ્યવાળું સંશોધન નહિવત્ જોવા મળે છે. ઝડપથી બદલાતા સમયની સાથે સાથે નાવિન્યપૂર્ણ જ્ઞાન પીરસવા માટે સંશોધનવૃત્તિ આવશ્યક અને અનિવાર્ય બને છે.

કોલેજોમાં એ.પી.આઈ. (API) ની ગણતરી થવા માંડી ત્યારથી સેમિનાર, પરિસંવાદ, વર્કશોપ કે કોન્ફરન્સનું આયોજન વધુ પ્રમાણમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા થતું જોવા મળે છે. પરંતુ મને કહેવા દો કે અપવાદરૂપ સેમિનારને બાદ કરીએ તો આવા પરિસંવાદ પાછળના હેતુઓ ભાગ્યે જ પાર પડે છે. સાયન્સ અને ટેક્નોલોજી ક્ષેત્રમાં જે

અભિવ્યક્તિ

ડો. જે.એમ. નાયક (નવસારી)
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

સંશોધનો થાય છે તે સમગ્ર દુનિયામાં રિવોલ્યુશન યાને ક્રાંતિ લાવી શકે છે. આવા સંશોધનો સમગ્ર માનવજીવનને પ્રભાવિત પણ કરે છે. યુનેસ્કો દ્વારા કરવામાં આવેલ ઈન્ટરનેશનલ સર્વેક્ષણ (૨૦૧૦) સૂચવે છે કે સમગ્રપણે સામાજિક વિજ્ઞાનને ક્ષેત્રે ભારતનું પ્રદાન સંભવતઃ અર્થશાસ્ત્ર સિવાય મામૂલી અથવા નગણ્ય છે.

આજે કોલેજોમાં તો પરિસ્થિતિ એવી છે કે અધ્યાપકો દ્વારા થતાં સંશોધનોનો ઉદ્દેશ ફક્ત રિસર્ચનો હોતો નથી. કેટલાક અનુસ્નાતક ડિગ્રી મેળવ્યા પછી અધ્યાપનના વ્યવસાયમાં પ્રવેશવા માટે પીએચ.ડી. ની ડિગ્રી મેળવવા રિસર્ચ વર્ક કરે છે તો વળી કેટલાક અધ્યાપકો પદોન્નતિના સાધનરૂપે (આચાર્ય બનવા કે અન્ય પ્રમોશન મેળવવા) ડોક્ટરેટની ડિગ્રી મેળવે છે તો વળી કેટલાક તો પોતાના નામની આગળ ડોક્ટર શબ્દનું મોરપીંછ ઉમેરવા માટે પણ પીએચ.ડી.નો અભ્યાસ કરે છે ત્યારે સ્વાભાવિક રીતે જ આવા હેતુથી ડોક્ટરેટની ડિગ્રી મેળવાતી હોય તો કવોલોટી સફર થાય છે. મારા કોમર્સ ફેકલ્ટીના ડીન પદ દરમ્યાન એ પણ નોંધ્યું છે કે પીએચ.ડી સ્તરના પરીક્ષણમાં બાંધછોડ કરવાનું કે પછી ઉઠાંતરીને નજર અંદાજ કરવાનું વલણ પણ જોવા મળે છે કે જે ભયજનક બાબત છે.

ઉચ્ચ શિક્ષણમાં સંશોધનકાર્ય ન થતું હોય તો મારા મતે હાયર એજ્યુકેશન અપૂર્ણ છે. મેં નોંધ્યું છે કે સ્નાતક કક્ષાની કોલેજોમાં પણ જયારે રિસર્ચને મહત્વ નહીં અપાતું હોય તો તે ચિંતા ઉપજાવનારી બાબત છે. હાયર એજ્યુકેશનમાં સંશોધનનો અભાવ જોવા મળે એ દુઃખદ બાબત છે. તો વળી જયાં પણ સંશોધનકાર્ય થઈ રહયું હોય તો તે ચીલાચાલુ સ્વરૂપે જ જોવા મળે છે. દર વર્ષે હજારો વિદ્યાર્થીઓને ડોક્ટરેટની ડિગ્રી એનાયત કરવામાં આવે છે. પરંતુ આ રિસર્ચને આધારે પેટન્ટ નોંધાતી હોય એવું ભાગ્યે જ જોવા મળે છે. ઘણીવાર આચાર્ય કે અધ્યાપકના ઈન્ટરવ્યુમાં પણ Ph.D. થયેલાનો દેખાવ પણ ખૂબ જ ઊતરતી કક્ષાનો જોવા મળે છે. ત્યારે ખરેખર દુઃખની લાગણી અનુભવાય છે. નોકરીમાં વધુ પડતી સલામતી બાદ અધ્યાપકોમાં પણ સંશોધન વૃત્તિ ઘટેલી જોવા મળે છે. રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં પણ રિસર્ચની ધૂણી ધખાવનારા માણસો હવે ખૂબ ઓછા રહયા છે.

આજે જે પ્રકારની પરિસ્થિતિ પ્રવર્તમાન છે તે જોતાં તો એવું લાગે છે કે પીએચ.ડી. કરવા અને કરાવવાનો જાણે અલગ વ્યવસાય અસ્તિત્વમાં આવ્યો હોય અને તે જ રીતે રિસર્ચ પેપર લખવા અને લખાવવાનો વ્યવસાય પણ અસ્તિત્વમાં આવ્યો છે. ઓટોનોમસ રિસર્ચ સંસ્થામાં પણ જાણે સંશોધન પ્રવૃત્તિમાં ઓટ આવેલી માલૂમ પડે છે. રિસર્ચ અંગેનું તલસ્પર્શી જ્ઞાન સમાજને ઉપયોગી થાય તેવું હોવું જોઈએ. કમનસીબે એવું ઓછું જોવા મળે છે. ચીલાચાલુ બીબાંઢાળ નહીં પરંતુ નાવિન્યપૂર્ણ સંશોધન હોવું જોઈએ. બહુ ઓછા સંશોધનાત્મક અભ્યાસ લેખો પ્રતિષ્ઠિત નેશનલ અને ઈન્ટરનેશનલ સામયિકોમાં પ્રકાશિત થાય છે. આજના આ સેમિનારમાં સમાજ ઉપયોગી સંશોધનપત્ર રજૂ થાય એવી અપેક્ષા રાખીને સેમિનારની સફળતા માટે હાર્દિક શુભકામના પાઠવીને સાથે સાથે અભિનંદન પણ પાઠવું છું.

પુરુષના આંસુઓ પર પહેરો કેમ?

નોખી-અનોખી

- કિંજલ પંડ્યા, પારડી

તાજેતરમાં રિલાયન્સના એક કાર્યક્રમમાં અનંત અંબાણીની ભાવનાશીલ વાતો સાંભળીને મુકેશ અંબાણી જેવા દિગ્ગજ ઉદ્યોગપતિની આંખોમાંથી વહેતાં આંસુઓએ સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું. મંચ પર એક પુત્રની શ્રદ્ધા અને સંઘર્ષની કહાણી હતી, તો સામે બેઠેલા પિતાની આંખોમાં એ સંતાનની પીડા અને સમર્પણ સામે ઓગળી જતી મમતા હતી સાથે જ ભારોભાર ગર્વ પણ હતો જ. દુનિયા ભલે આ દ્રશ્યને એક અબજોપતિ પિતાની ભાવુક ક્ષણ તરીકે જુએ, પરંતુ એક સામાન્ય માનવી તરીકે આ ઘટના આપણી સામે એક મોટો સવાલ ઊભો કરી જાય છે કે શું પુરુષો માટે રડવું એ કોઈ અકુદરતી બાબત છે? શું પુત્ર માટે કે પરિવાર માટે પુરુષની આંખમાંથી સરી પડતાં આંસુઓ તેમની નબળાઈ છે? સદીઓથી આપણા સમાજે પુરુષના ચહેરા પર એક કઠણ મુખોટું પહેરાવી દીધું છે. સમાજની એવી અઘોષિત મર્યાદા રહી છે કે પુરુષ એટલે પથ્થર જેવો મજબૂત, જેના આંસુ ક્યારેય છલકાઈ ન શકે અને જેની આંખોમાં ડર કે ચિંતા ન દેખાય. પરંતુ સવાલ એ છે કે શું પુરુષ મશીન છે? એની પાસે પણ હૃદય છે, એન્ઝાયટી છે, ડિપ્રેશન છે, અસુરક્ષા છે, પ્રેમ છે અને શ્રદ્ધા છે. છતાં પણ તે પોતાના ડર અને પોતાની નબળાઈઓને દુનિયાની નજરોથી છુપાવી રાખવા મજબૂર બને છે. મર્દાનગીના ખોટા માપદંડોએ પુરુષને અંદરથી ખોખલો કરી નાખ્યો છે. તે મુક્તપણે રડી શકતો નથી, કારણ કે તેને ડર છે કે જો તે કમજોર દેખાશે તો તેની મર્દાનગી પર સવાલ ઉઠશે. આ માનસિક દબાણ પુરુષોને અંદરથી તોડી નાખે છે. પરંતુ જો પુરુષ દુનિયા સામે પોતાની લાચારી કે પીડા વ્યક્ત ન કરી શકે, તો શું તેણે પોતાની જ અર્ધાંગિની, પોતાની પત્ની સામે પણ પોતાના દિલના દરવાજા બંધ રાખવા જોઈએ? અહીં જ પત્નીના સાચા વ્યક્તિત્વ અને સંબંધની વાસ્તવિક કસોટી શરૂ થાય છે. પત્ની ફક્ત ઘર સંભાળવા કે જવાબદારીઓ નિભાવવા માટે નથી હોતી, પણ તે પતિના જીવનનું એવું સુરક્ષિત આકાશ હોય છે જ્યાં પુરુષ નિઃસંકોચ શ્વાસ લઈ શકે. જો પતિ પોતાની ચિંતા, પોતાના ડર અને પોતાની આંસુઓની ભાષા પોતાની પત્ની સમક્ષ પણ ન કહી શકે, તો પછી એ સંબંધનો અર્થ જ શું? પતિ અને પત્ની વચ્ચેનો સંબંધ દુનિયાની નજરમાં ભલે સામાજિક જવાબદારીઓ અને મર્યાદાઓથી બંધાયેલો હોય, પરંતુ ચાર દીવાલોની વચ્ચે એ સંબંધ એકદમ અંગત અને મુક્ત હોવો જોઈએ. દુનિયા સામે ભલે બંને જુદી ભૂમિકા ભજવતા હોય, પણ અંગત જગ્યામાં તેઓ બે સારા મિત્રો બનવા જોઈએ. એવો મિત્ર કે જ્યાં કોઈ જજમેન્ટ ન હોય, કોઈ પૂર્વગ્રહ ન હોય અને એકબીજાને ઉતારી પાડવાની કે નીચા દેખાડવાની સ્પર્ધા ન હોય. જ્યાં પતિ ઈચ્છે ત્યારે મુક્તપણે રડી શકે, પોતાના હૃદયનો ભાર હળવો કરી શકે અને પત્ની તેને કોઈ પણ ટકોર કે સલાહ આપ્યા વિના માત્ર પ્રેમથી સાંભળી શકે. સાચો સંબંધ એ નથી જ્યાં એકબીજાને સમજવાનો માત્ર દેખાડો કરવામાં આવે, પણ સાચો સંબંધ એ છે જ્યાં સમજવા માટે શબ્દોની પણ જરૂર ન પડે. આજના ઝડપી યુગમાં પતિ-પત્ની બંને પોતપોતાની જવાબદારીઓમાં વ્યસ્ત છે, પરંતુ જો દિવસના અંતે એકબીજાને સાંભળવાની તત્પરતા ન હોય, તો એક છત નીચે રહેવા છતાં બે આત્માઓ વચ્ચે હજારો માઈલનું અંતર બની જાય છે. પતિ જ્યારે પોતાની નબળાઈ પત્ની સામે મૂકે ત્યારે જો પત્ની તેને નબળો માનવાને બદલે વધારે મજબૂતાયથી આલિંગન આપે, તો એ પુરુષ માટે દુનિયાની સૌથી મોટી તાકાત બની જતી હોય છે. એટલે જ, દરેક સ્ત્રીઓએ અને ખાસ કરીને પત્નીઓએ આ વાત ગંભીરતાથી સમજવાની જરૂર છે કે પતિ પાસેથી માત્ર અપેક્ષાઓ રાખવા કરતાં તેની આંતરિક દુનિયાને સમજવી વધારે જરૂરી બને છે. પુરુષ પણ આખરે તો એક માણસ જ છે, કોઈ લોખંડનું પૂતળું નથી. જો પતિને દુનિયા સામે અડગ રહેનારો વડલો બનાવવા માંગતા હોઈએ, તો પેહલા એના માટે ઘરનું એવું આકાશ બનવું પડશે જ્યાં તે નિઃસંકોચ પણે જીવંત રહી શકે, વ્યક્ત થઈ શકે. કારણ કે જે સંબંધમાં એકબીજાના આંસુ લૂછવાની હૂંફ ન હોય, તે સંબંધ ફક્ત સમાજ માટે જ રહી જાય છે, ત્યાં સાચો પ્રેમ ક્યારેય અંકુરિત નથી જ થઇ શકતો. પોતાના પતિ સાથેનો હાથમાં હાથ પકડીને કે આલિંગન કરતો ફોટો સોશિયલ મીડિયામાં મૂકવાથી પ્રેમ પૂર્ણ નથી થતો અને -ામ પણ નથી જ થતો. એથી વિશેષ કે એક સ્ત્રી શ્રેષ્ઠ માતા તો બની શકે છે પણ બેસ્ટ પત્ની બનવામાં ક્યાંક ને ક્યાંક ચૂકી જાય છે. આ કડવું સત્ય છે. એના માટે તો પોતાની જાત ઘસીને પણ, પોતાની દરેક ઈચ્છાઓનો પ્રેમ પૂર્વક ત્યાગ આપીને સામેવાળાનું હૃદય જીતવું પડતું હોય છે ત્યારે જ સાચા અર્થમાં અંતરનું અંતર ઘટતું હોય છે. અને ત્યારે જ આપણું જીવન પણ ઉજવાયું કહેવાય. મુકેશ અંબાણી જેવા અબજોપતિ હોય કે કોઈ સામાન્ય ગૃહસ્થ, આખી દુનિયા સામે અડીખમ ઊભો રહેનાર પુરુષ પણ જ્યારે પોતાના પરિવારની સામે કે પત્નીના ખોળામાં માથું મૂકીને હળવો થાય છે, ત્યારે એ કોઈ કમજોરી નથી હોતી પણ એના જીવનની સૌથી પવિત્ર અને સાચી ક્ષણ હોય છે. પુરુષોને પણ રડવાનો, ડરવાનો અને મુક્ત થવાનો પૂરો અધિકાર છે. પુરુષ વધુ કશું જ નથી ઈચ્છતો, બસ એ ઈચ્છે છે તો હૂંફનો એક એવો ખૂણો કે જ્યાં પોતાની માતા પછી એવું કોઈ જણ હોય જ્યાં એ ખુલ્લા મને વ્યક્ત થઈ શકે, એવું પ્રિયજન જે એને જજ કર્યા વગર એને પ્રેમપૂર્વક સાંભળી શકે અને એની પાસે બાળકની જેમ હૂંકથી ભરપૂર અલિંગન મેળવી શકે જ્યાં પોતાની જાતને હળવી કરી શકે. બસ એને આટલી જ શક્તિ જોઈએ ત્યારબાદ એ આખી દુનિયા સામે લડી શકતો હોય છે. પુરુષ એ કુદરતનું સૌથી શ્રેષ્ઠ સર્જન છે અને એ સર્જનને ફક્ત પ્રેમથી જ માણી શકાય એમ છે.

કૂંપળ અને ડાળ : નવજીવનનું પ્રતીક

સંવેદન

- ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા

કૂંપળોને ફૂટવાની આવશે મોસમ ફરી;
ડાળ ડાળે ઝૂલવાની આવશે મોસમ ફરી.
આવશે વરસાદ પણ જો તું નહીં આવી ચડે;
ક્ષણ ક્ષણે ક્ષણ ઝૂરવાની આવશે મોસમ ફરી.
ખેતરોના સાદ સૂણી નીકળ્યો છું આજ હું;
સીમ આખી ખૂંદવાની આવશે મોસમ ફરી.
સાંકળો ખખડાવશે ભીની હવાઓ તે ક્ષણે;
દ્વાર માફક ખૂલવાની આવશે મોસમ ફરી.

શૂન્યતાનું શહેર છોડી 'શ્યામ' તું ચાલ્યો ન જા; ફૂલ નમણું ચૂંટવાની આવશે મોસમ ફરી.

- શ્યામ ઠાકોર

(દ્વાર ખખડાવે હવા માંથી)

ગુજરાતી ગઝલના વિશ્વમાં પ્રકૃતિ, પ્રેમ, વિરહ, પ્રતીક્ષા અને જીવન પ્રત્યેની અખૂટ આશા જેવા ભાવોનું વિશિષ્ટ સ્થાન છે. કવિ જ્યારે પ્રકૃતિનાં સામાન્ય દૃશ્યોને માનવમનની સંવેદનાઓ સાથે સાંકળે છે, ત્યારે કવિતા માત્ર શબ્દોની રચના બની રહેતી નથી, પરંતુ જીવનનો અનુભવ બની જાય છે. પ્રસ્તુત ગઝલમાં કવિ 'શ્યામ'એ કૂંપળ, ડાળ, વરસાદ, ખેતર, ભીની હવા, દ્વાર અને ફૂલ જેવા પ્રકૃતિનાં પ્રતીકો દ્વારા જીવનમાં ફરીથી વસંત આવવાની સંભાવનાને અત્યંત સંવેદનશીલ રીતે વ્યક્ત કરી છે.

કવિએ ગઝલના દરેક શેરના અંતમાં આવતું પદ 'આવશે મોસમ ફરી' ખૂબ જ અર્થસભર રીતે પ્રયોજ્યું છે. આ માત્ર શબ્દસમૂહ નથી, પરંતુ આખી ગઝલનો આત્મા છે. તેમાં વિશ્વાસ છે, આશ્વાસન છે, પ્રતીક્ષા છે અને ભવિષ્ય પ્રત્યેની હકારાત્મક દૃષ્ટિ છે.

મોસમનું આવવું એ કુદરતનો નિયમ છે. પાનખર પછી વસંત આવે છે, ઉનાળા પછી વરસાદ આવે છે અને અંધકાર પછી અજવાળું પથરાય છે. એ જ રીતે જીવનમાં પણ દુઃખ પછી સુખ, વિરહ પછી મિલન અને નિરાશા પછી આશાનો ઉદય થઈ શકે છે. કવિ આ કુદરતી ચક્રને માનવજીવન સાથે સાંકળીને જીવનના શાશ્વત સત્યને રજૂ કરે છે.

કૂંપળ અને ડાળ નવજીવનનું પ્રતીક
કૂંપળોને ફૂટવાની આવશે મોસમ ફરી;
ડાળ ડાળે ઝૂલવાની આવશે મોસમ ફરી.

ગઝલના પ્રથમ શેરમાં કવિ પ્રકૃતિનાં અત્યંત સુંદર અને જીવંત ચિત્રો રજૂ કરે છે. કૂંપળનું ફૂટવું એ નવા જીવનનો -રંભ છે. સૂકી કે નિષ્પ્રાણ દેખાતી ડાળ પર જ્યારે લીલી કૂંપળ ફૂટે છે, ત્યારે સમગ્ર વૃક્ષમાં નવચેતનાનો સંચાર થાય છે. ડાળે ડાળે ઝૂલતી કૂંપળો પ્રકૃતિના સૌંદર્ય, આનંદ અને જીવનની ગતિશીલતાનું પ્રતીક બને છે. આ દૃશ્યને માનવજીવનના સંદર્ભમાં જોઈએ તો કૂંપળ નવી આશા, નવા સંબંધ, નવી તક અને નવી શરૂઆતનું પ્રતીક છે. ક્યારેક જીવનમાં નિષ્ફળતા, નિરાશા કે વિપરીત સંજોગોને કારણે વ્યક્તિને લાગે છે કે હવે કંઈ નવું બની શકશે નહીં. પરંતુ કવિ સમજાવે છે કે જીવન ક્યારેય એક જ અવસ્થામાં અટકી રહેતું નથી.

કવિ કહે છે કે વરસાદ તો આવશે, પરંતુ જો તું નહીં આવે તો એ વરસાદનો આનંદ અધૂરો રહી જશે. પ્રકૃતિની તમામ સુંદરતા હોવા છતાં મનની ખાલી જગ્યા ભરાતી નથી. પ્રિયજનની હાજરી વિના ઋતુનું સૌંદર્ય પણ ઝૂરાપામાં પરિવર્તિત થઈ જાય છે.

અહીં 'ક્ષણ ક્ષણે' શબ્દપ્રયોગ વિરહની સતત ચાલતી અનુભૂતિને વ્યક્ત કરે છે. પ્રતીક્ષા કરનાર વ્યક્તિ માટે સમય જાણે ધીમે ધીમે પસાર થાય છે. દરેક ક્ષણ પ્રિયજનની યાદને વધુ ગાઢ બનાવે છે. આ શેરમાં પ્રેમની નિષ્ઠા, મિલનની ઝંખના અને અંતરમનની એકલતા સહજ રીતે વ્યક્ત થાય છે.

કવિનો ભાવ એવો છે કે બાહ્ય જગતમાં બધું અનુકૂળ હોય, છતાં અંતરની લાગણીને સંતોષવા માટે પ્રિયજનની હાજરી જરૂરી છે. આમ, વરસાદ અહીં પ્રકૃતિની ઘટના કરતાં વધુ પ્રેમ અને વિરહના ભાવનું પ્રતીક બની રહે છે.

આ શેરમાં કવિએ કલ્પનાશક્તિ અને પ્રતીકાત્મક અભિવ્યક્તિનો સુંદર સમન્વય સાધ્યો છે. ભીની હવા એટલે વરસાદની સુગંધથી ભરેલું વાતાવરણ, નવી ઋતુનો સંદેશ અને જીવનમાં આવતી તાજગી. કવિ ભીની હવાને એવી જીવંત શક્તિ તરીકે રજૂ કરે છે, જે બંધ દ્વારની સાંકળો ખખડાવે છે.

અહીં દ્વાર માત્ર ઘરનો દરવાજો નથી. તે માનવમનનું પ્રતીક પણ છે. જીવનના કડવા અનુભવો, નિષ્ફળતાઓ, નિરાશાઓ અને સંબંધોમાં મળેલા આઘાતો ઘણી વાર વ્યક્તિના મનને બંધ કરી દે છે. તે નવી લાગણીઓને સ્વીકારતાં સંકોચ અનુભવે છે. પરંતુ જ્યારે આશાનું નવું વાતાવરણ સર્જાય છે, ત્યારે મનનાં બંધ દ્વાર પણ ખૂલી શકે છે. 'દ્વાર માફક ખૂલવાની' કલ્પનામાં સ્વીકાર, ઉદારતા અને નવા જીવનને આવકારવાની ભાવના રહેલી છે. ભીની હવા સાંકળો ખખડાવે છે, એટલે પરિવર્તનનો સંકેત બહારથી મળે છે; પરંતુ દ્વાર ખોલવાનો નિર્ણય અંતે વ્યક્તિએ પોતે જ લેવાનો હોય છે. 'ફૂલ નમણું' કોમળતા, સૌંદર્ય, પ્રેમ અને સંવેદનાનું પ્રતીક છે. ફૂલ ચૂંટવાની વાતમાં જીવનની નાની નાની ખુશીઓને ઓળખવાનો ભાવ રહેલો છે. જીવનમાં દરેક વખતે વિશાળ સફળતા કે અસાધારણ આનંદ જ મળે એવું નથી. ક્યારેક નાની લાગણી, કોઈનો પ્રેમાળ શબ્દ, એક સુંદર સ્મિત કે સંબંધમાં ફરી જાગતી આત્મીયતા પણ જીવનને અર્થસભર બનાવી શકે છે. આ શેરમાં કવિનો સંદેશ સ્પષ્ટ છે કે શૂન્યતા કાયમી નથી. જીવનમાં હજી સૌંદર્યની શક્યતા છે. તેથી આશા ગુમાવ્યા વિના યોગ્ય સમયની રાહ જોવી જોઈએ. અંતિમ પંક્તિ ગઝલને આશાવાદી પૂર્ણતા આપે છે. 'શ્યામ'ની આ ગઝલ પ્રકૃતિના માધ્યમથી માનવજીવનના અનેક રંગોને સ્પર્શે છે. તેમાં પ્રેમની ઝંખના છે, વિરહની વેદના છે, ધરતી સાથેનો આત્મીય સંબંધ છે, પરિવર્તનનું સ્વાગત છે અને જીવન પ્રત્યેની અડગ આશા છે.

ગઝલનો સૌથી મહત્ત્વનો સંદેશ એ છે કે જીવનમાં કોઈ પણ અવસ્થા અંતિમ નથી. પાનખર પછી વસંત આવે છે, સૂકી ડાળ પર કૂંપળ ફૂટે છે અને બંધ દ્વાર પણ એક દિવસ ખુલી શકે છે. જરૂર છે માત્ર વિશ્વાસ, ધીરજ અને સંવેદનાને જીવંત રાખવાની. આજના સમયમાં જ્યારે માણસ અનેક પ્રકારની નિરાશા, એકલતા અને અનિશ્ચિતતાનો અનુભવ કરે છે, ત્યારે આ ગઝલ તેને હકારાત્મક દૃષ્ટિ આપે છે. તે સમજાવે છે કે પરિસ્થિતિઓ ગમે તેવી હોય, જીવનમાં નવી શરૂઆત માટેની શક્યતાઓ હંમેશાં રહે છે.

આખરે, 'આવશે મોસમ ફરી' એ માત્ર ગઝલનું પુનરાવર્તિત પદ નથી, પરંતુ જીવનને જીવંત રાખતો આશાનો મંત્ર છે. તે આપણને શીખવે છે કે સમયની પ્રતિકૂળતામાં પણ મનના દ્વાર બંધ ન કરવા, સંબંધોની કોમળતાને સાચવી રાખવી અને આવનારી વસંતની સંભાવનામાં વિશ્વાસ રાખવો. આ જ આ ગઝલનું કાવ્યસૌંદર્ય, જીવનદર્શન અને હૃદયસ્પર્શી સંવેદનાત્મક મૂલ્ય છે.

હવે કોઈની પરવા નહીં, બસ મનગમતા પ્રેમ સાથે જીવવું છે!

પ્રીતનું ઝરણું

જ્યોતિ ઉત્પલ પંડ્યા, અતુલ

નથી કોઈની પરવા હવે, આ સમય છે જીવવાનો,
હૃદયમાં બેઠો છે કોઈ, નામ નહીં લેવાનો.
સંત નીર પર ઘાણા મારે, તો નીર વધુ વ્હે,
વાતે વાતે મન તૂટે, છતાં ન વળવાનો.
દુનિયાની રમત અજીબ છે, મનને હેરાન કરે,
સાચું છુપાઈ જાય છે, ઝૂઠું છે ચમકવાનો.
લોકો પાખંડી, ચહેરા બધા નકાબમાં,
અંતરનું સત્ય પણ આજે ડરે બોલવાનો.
ફિકર-ચિંતા છોડીને જીવવું છે પ્રેમ માટે,
દરિયામાં પ્રેમના ડૂબી, કિનારો ન શોધવાનો.
જે બેઠો છે મનમાં, એ જ મારી આખી દુનિયા,
બાકી બધું ભ્રમ છે, હવે નથી સમઝવાનો.
હવે કોઈની પરવા નહીં, બસ મનગમતા પ્રેમ સાથે જીવવું છે!

(અજ્ઞાત)

ક્યારેક જીવનના એક એવા વળાંક પર આવીને ઊભા રહીએ છીએ, જ્યાં બીજાઓને ખુશ કરવાની દોડ થકવી નાખે છે. કોને શું ગમશે? કોણ શું વિચારશે? મારી વાતથી કોઈને ખોટું તો નહીં લાગે ને? આવી અનેક ચિંતાઓમાં આપણે પોતાનું જ અસ્તિત્વ ક્યાંક ભૂલી જઈએ છીએ. આખી જિંદગી બીજાઓની અપેક્ષાઓ પૂરી કરવામાં વિતાવી દઈએ છીએ, પરંતુ એક દિવસ મન આપણને જ પ્રશ્ન પૂછે છે કે, આ બધાની વચ્ચે તેં પોતાના માટે ક્યારે જીવ્યું?

હા, હવે સમય છે પોતાની જાતને પ્રેમ કરવાનો, પોતાના મનની વાત સાંભળવાનો અને જીવનને પોતાની રીતે જીવવાનો.

નથી કોઈની પરવા હવે, આ સમય છે જીવવાનો,
હૃદયમાં બેઠો છે કોઈ, નામ નહીં લેવાનો.

માણસના હૃદયમાં કેટલીક લાગણીઓ એવી હોય છે, જેને શબ્દોની જરૂર પડતી નથી. કોઈ વ્યક્તિ મનમાં એવી રીતે વસી જાય છે કે તેનું નામ લીધા વગર પણ આખું જીવન તેની હાજરી અનુભવી શકાય છે. આ પ્રેમ માત્ર પામવાની ઈચ્છા નથી, પરંતુ કોઈના અસ્તિત્વથી મનને મળતી શાંતિનું નામ છે. દરેક પ્રેમનો સંબંધ દુનિયા સામે જાહેર કરવો જરૂરી નથી. કેટલીક પ્રીત તો હૃદયના એકાંતમાં જ સૌથી સુંદર રીતે ખીલે છે. જીવનમાં દુઃખ, અપમાન અને મુશ્કેલીઓ પણ આવે છે. ક્યારેક કોઈના શબ્દો હૃદયને ઘાયલ કરે છે, તો ક્યારેક પોતાના જ લોકોની અવગણના મનને તોડી નાખે છે. પરંતુ એક વાત યાદ રાખવી જોઈએ કે પથ્થરનો માર પડે તો ઝરણું વહેતું બંધ નથી કરતું, ઊલટું વધુ વેગથી વહે છે.

માણસે પણ એવું જ બનવું જોઈએ. દરેક પીડા પછી વધુ મજબૂત બનવું જોઈએ. કોઈના ખરાબ વર્તનને કારણે પોતાની અંદરની નિર્મળતા ગુમાવી દેવી એ તો પોતાની જાત સાથે અન્યાય કરવા જેવું છે. આજની દુનિયા પણ કેટલી વિચિત્ર છે! અહીં સત્યને સાબિત કરવા પુરાવા આપવા પડે છે અને જૂઠને ચમકવા માટે માત્ર એક સુંદર આવરણ પૂરતું હોય છે. ચહેરા પર સ્મિત અને મનમાં કપટ રાખનારા લોકોની ભીડમાં સાચા માણસને ઓળખવો મુશ્કેલ બની ગયો છે. સંબંધો પણ ઘણીવાર લાગણી કરતાં સ્વાર્થના ત્રાજવે તોળાય છે.

પરંતુ શું દુનિયા બદલવાની રાહ જોતા આપણે આપણી શાંતિ ગુમાવી દઈએ? શું દરેક ખોટી વાતનો જવાબ આપવો જરૂરી છે? ના! દરેક જગ્યાએ પોતાની સચ્ચાઈ સાબિત કરવી એ પણ જીવનનો હેતુ નથી. ક્યારેક મૌન એ જ સૌથી સુંદર જવાબ હોય છે.

લોકો પાખંડી, ચહેરા બધા નકાબમાં,
અંતરનું સત્ય પણ આજે ડરે બોલવાનો.

આ પંક્તિઓ આપણને આત્મમંથન કરવા મજબૂર કરે છે. આપણે બીજાના ચહેરા પરથી નકાબ ઉતારવાની કોશિશ કરીએ છીએ, પરંતુ ક્યારેક પોતાના અંતરમાં પણ ડોકિયું કરવું જોઈએ. કારણ કે સાચું જીવન ત્યારે જ શરૂ થાય છે, જ્યારે માણસ દુનિયાને નહીં, પોતાની જાતને છેતરવાનું બંધ કરે છે. પ્રેમ એ જીવનની સૌથી સુંદર અનુભૂતિ છે. પરંતુ પ્રેમનો અર્થ માત્ર કોઈ એક વ્યક્તિની આસપાસ આખી દુનિયા સમેટી લેવાનો નથી. પ્રેમ આપણને જીવતા શીખવે, મનને શાંતિ આપે, આપણી અંદર રહેલી સુંદરતાને જાગૃત કરે, એ સાચા પ્રેમની ઓળખ છે.

ફિકર-ચિંતા છોડીને જીવવું છે પ્રેમ માટે,
દરિયામાં પ્રેમના ડૂબી, કિનારો ન શોધવાનો.

કેટલી સુંદર વાત છે! પ્રેમના દરિયામાં ડૂબવું એટલે ફરિયાદો, શંકાઓ અને અપેક્ષાઓથી મુક્ત થઈને લાગણીને સ્વીકારવી. પ્રેમમાં હિસાબ ન હોય, અહંકાર ન હોય, પરંતુ એકબીજાના અસ્તિત્વનો આદર હોય. છેવટે જીવનનો સાર કદાચ એટલો જ છે કે દરેક વ્યક્તિને ખુશ રાખવાના પ્રયત્નમાં પોતાની ખુશી ભૂલી ન જવી. સમય બહુ ઓછો છે. ગઈકાલની ફરિયાદો અને આવતીકાલની ચિંતાઓમાં આજની સુંદર ક્ષણો વેડફી નાખવી એ જીવન સાથેનો સૌથી મોટો અન્યાય છે.જે હૃદયમાં વસે છે તેની લાગણીને સાચવીને, પોતાના આત્મસન્માનને જાળવીને અને મનની શાંતિને પ્રાથમિકતા આપીને જીવવું એ જ સાચી મુક્તિ છે. કારણ કે...

જે બેઠો છે મનમાં, એ જ મારી આખી દુનિયા,
બાકી બધું ભ્રમ છે, હવે નથી સમજવાનો.

ક્યારેક જીવનમાં બધું મેળવી લેવું જરૂરી નથી હોતું, બસ મનને ગમતું એક કારણ મળી જાય તો જીવવાની મજા આવી જાય છે. દુનિયા ભલે ગમે તે કહે, પરંતુ અંતરમાં પ્રેમનું ઝરણું વહેતું રહેવું જોઈએ. જીવન એક જ વાર મળે છે, તો ફરિયાદોમાં નહીં, પ્રીતમાં જીવીએ. કારણ કે અંતે યાદો જ રહેવાની છે, લોકોની અપેક્ષાઓ નહીં!

નહીં જોઈએ...!

શબ્દથી શબ્દ સુધી

રમેશ પટેલ, સુરત

હમણાં એક સમાચાર હતા કે જાપાનમાં મસ્જિદ નિર્માણ સામે ઉગ્ર વિરોધ થયો અને એ લોકોએ કહ્યું કે એક પણ મસ્જિદ નહીં જોઈએ. કેમ ભાઈ...? માનવ ધર્મ કોઈ પણ પાળી શકે અને ધર્મનું સ્થાનક બનાવવામાં શો વાંધો હોઈ શકે?! એમ કહેવાની તાતી જરૂરિયાત છે કે આ ધરા ઉપર એક પણ પ્લાસ્ટિકનો કચરો નહીં જોઈએ કારણ કે પ્લાસ્ટિકનો કચરો જ્યાં ત્યાં જોવા મળે છે. આપણા સ્વાર્થી બિલ્ડરો એમ કહેશે કે આ જમીન પર એક પણ વૃક્ષ! નહીં જોઈએ. ફૂલો એમ કહેશે કે અત્તરની એક પણ ફેક્ટરી આ પૃથ્વી ઉપર નહીં જોઈએ. જંગલના પ્રાણીઓ એમ કહેશે કે એક પણ પ્રાણીસંગ્રહાલય નહીં જોઈએ.

એમ કેમ કહેતા નથી કે આ નગરોમાં એક પણ વૃદ્ધાશ્રમ નહીં જોઈએ. મહાનગરના નાગરિકો કહેશે કે રસ્તાઓમાં એક પણ ખાડો નહીં જોઈએ. ગાય, ભેંસ, બકરીઓ કહેશે કે આ ધરા પર એક પણ કતલખાના નહીં જોઈએ. રેશનાલિસ્ટો કહેશે કે આ ધરા ઉપર એક પણ મંદિર નહીં જોઈએ.

આપણે એવી પ્રગતિ કરવી જોઈએ કે... એક પણ રંક આ ધરા ઉપર નહીં જોઈએ. ખુરશીઓ એમ કહેશે કે અમારે એક પણ લુચ્ચા - પ્રપંચી- ભ્રષ્ટાચારી- સ્વાર્થી ...પ્રધાનો નહીં જોઈએ!

નાનાં ભૂલકાઓ કહેશે કે અમારે એક પણ બાળ મંદિર નહીં જોઈએ. ગુનેગારો એમ કહેશે કે અમારે એક પણ જેલ આ પૃથ્વી ઉપર નહીં જોઈએ.

ખેતરમાં ઊભેલો ચાડિયો એમ કહેશે કે મારે એક પણ પંખીઓ ખેતરમાં નહીં જોઈએ. મંદિરમાં બેઠેલો ઈશ્વર એમ કહેશે કે મારી સામે ભીખ માંગનાર ભિખારી પ્રભક્તો એક પણ નહીં જોઈએ.

જંગલમાં હરણાંઓ એમ કહેશે કે અમારે એક પણ સિંહ કે વાઘ નહીં જોઈએ. ઉંદરો એમ કહેશે કે અમારે એક પણ બિલાડી નહીં જોઈએ!

ગુજરાતના દારૂ પીનારાઓ એમ કહેશે કે અમારે ગુજરાતમાં દારૂબંધી નહીં જોઈએ! કોર્ટમાં ન્યાયાધીશો એમ કહેશે કે અમારે એક પણ જૂઠું બોલનારા અને ખોટા કેસ કરનારા નહીં જોઈએ.

...નહીં જોઈએ ચાંચડ, માંકડ અને વંદાઓ.

ઔરંગઝેબો એમ કહેશે કે અમારે એક પણ સંગીતકાર આ ભારતમાં નહીં જોઈએ. દીવેલ પીધેલા એમ કહેશે કે અમારે એક પણ હાસ્યકાર આ સાહિત્યમાં નહીં જોઈએ. જેઓ કવિતાના દુશ્મન છે તેઓ એમ કહેશે કે અમારે એક પણ કવિ..કવિતા આ ધરા ઉપર નહીં જોઈએ! ખેડૂતો એમ કહેશે કે કમોસમી વરસાદ નહીં જોઈએ! ગધેડાઓ એમ કહેશે કે અમારે એક પણ કુંભાર.. પ્રજાપતિ નહીં જોઈએ. વૃક્ષો એમ કહેશે કે એક પણ કાગળ ફાડનારો બાળક નહીં જોઈએ! સાપ એમ કહેશે કે અમારે એક પણ સમડી(પંખી) નહીં જોઈએ.ઘેટાં કહેશે કે અમારે એક પણ ઊનની ફેક્ટરી નહીં જોઈએ!દેડકાંઓ એમ કહેશે કે અમારે એક પણ સાપ નહીં જોઈએ. માછલીઓ એમ કે છે કેં અમારે એક પણ માછીમાર નહીં જોઈએ!

અંધારું એમ કહેશે કે અમારે એક પણ દીપક સળગતો નહીં જોઈએ! હવે તમે એમ કહેશો કે આવું લખનારો નહીં જોઈએ!...આવજો!

રાષ્ટ્રનું ગૌરવ સરદાર વલ્લભભાઈ પટેલ

પ્રાસંગિક

- હર્ષદ દેસાઈ

વટાર

સરદાર વલ્લભભાઈ પટેલ એક મહાન સ્વતંત્રતા સેનાની હતા. તેમણે સ્વતંત્રતા આંદોલનને સફળ બનાવવામાં અત્યંત મહત્વની અને અગત્યની ભૂમિકા નિભાવી હતી. તેઓ ભારતની વિભૂતિઓમાંની એક મહાન વિભૂતિ હતા. સ્વતંત્રતા મળ્યા પછી સરદાર પટેલ દેશના લગભગ ૫૬૨ રજવાડાઓને એકત્ર કરી દેશનું આશ્ચર્યજનક કાર્ય શરૂ કરી બતાવ્યું હતું. અખંડ ભારતના નિર્માણમાં તેમનું આપેલું યોગદાન અતુલ્ય હતું.

સરદાર વલ્લભભાઈ પટેલ સ્વતંત્ર ભારતના પહેલા નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી હતા. ભારતના અત્યંત કપરા અને ગડમથલના સમયમાં તેમણે પોતાના દ્રઢ સંકલ્પ અને પ્રચંડ ઈચ્છાશક્તિથી અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. એટલે સરદાર વલ્લભભાઈ પટેલને ભારતના લોખંડી પુરુષ કહેવામાં આવે છે.

વેરવિખેર રજવાડાઓને એક કરવા માટે તેમણે સખત દબાણનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ તેમણે કૂટનીતિ અને દ્રઢતા બંનેનો ઉપયોગ કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું.

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ૩૧ ઓક્ટોબર ૧૮૭૫ ના રોજ ગુજરાતના નડિયાદમાં સાદા ખેડૂત પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ ઝવેરભાઈ અને માતાનું નામ લાડબાઈ હતું. બાળપણથી જ તેઓ ખૂબ મહેનતુ, શાણા, અને દ્રઢ ઈચ્છાશક્તિવાળા બાળક હતા. તેમની લગન, હિંમત અને નેતૃત્વ કરવાની ક્ષમતાનો વિકાસ તેમના વિદ્યાર્થી જીવનકાળથી થયો હતો.

એકવાર તેમને કાખમાં મોટો ફોડલો થયો હતો. તેમના ગામમાં તેની સારવાર થઈ શકે એમ ન હતી. તેથી તેમણે લોખંડનો સળિયો ગરમ કરીને તે ફોડલામાં પરોવીને તેને ફોડી નાંખ્યો. આમ શલ્યનો ઉપચાર તેમણે પોતે જ કરી દીધો.

જ્યારે તેઓ સ્કૂલમાં ભણતા હતા ત્યારે તેમણે એક લાલચુ શિક્ષકનો પણ વિરોધ કર્યો હતો. તેની પુસ્તકોની દુકાન હતી અને તે બધા વિદ્યાર્થીઓને તેની દુકાનેથી જ પુસ્તકો ખરીદવાનું દબાણ કરતો હતો. આ રીતે સરદાર પટેલ બાળપણથી જ અન્યાયનો વિરોધ કરતા હતા અને પોતાના વિરોધીઓનો સામનો કરતા હતા. તેમના આવા જ બળવાન ગુણે તેઓ અંગ્રેજ શાસકોની સામે પણ નિર્ભયતાથી સંઘર્ષ કરી શક્યા.

પોતાની ઘરની આર્થિક સ્થિતિને જોઈને વલ્લભભાઈએ વકીલાતનો અભ્યાસ કરવાનો વિચાર માંડી વાળ્યો. અને વકીલાતની પરીક્ષા આપીને સફળતામાં મુકામ હાંસલ કર્યું. સને ૧૯૧૦માં તેમના મોટા ભાઈ વિઠ્ઠલભાઈનો અભ્યાસ પૂરો કરીને ઈંગ્લેન્ડથી પાછા આવ્યા. ત્યારથી જ વલ્લભભાઈ પટેલ...

સરદાર પટેલને ભારતીય સેવાઓના જનક માનવામાં આવે છે. તેમણે ભારતીય વહીવટી સેવા અને પોલીસ સેવાના માળખાને મજબૂત બનાવ્યું. તેથી તેમને ભારતની વહીવટી સેવાઓના સંરક્ષક પણ કહેવામાં આવે છે.

સંવિધાન બની રહ્યું હતું ત્યારે સરદાર પટેલ સંવિધાન સભામાં મૌલિક અધિકારો, લઘુમતી, જનજાતિ તથા અપવર્જિત ક્ષેત્રોની સલાહકાર સમિતિની અધ્યક્ષતા કરી હતી. સરદાર પટેલ રાષ્ટ્રભક્ત હોવાની સાથે સાથે ભારતીય સંસ્કૃતિના પણ મહાન સમર્થક અને પોષક હતા. ભારતના ભાગલા પડી ગયા પછી જ્યારે તેઓ સૌરાષ્ટ્રના પ્રવાસે ગયા ત્યારે વિદેશી આક્રમણકારો દ્વારા તોડી પાડવામાં આવેલા સોમનાથ મંદિરની દુર્દશા જોઈને તેમને આઘાત થયો હતો. આથી તેમણે આ મંદિરનું પુનઃનિર્માણ કરવાનો સંકલ્પ કર્યો હતો.

સોમનાથનું મંદિર સરદાર પટેલ માટે ફક્ત એક મંદિર જ નહતું. તેઓ તેને રાષ્ટ્રની સાંસ્કૃતિક ચેતનાના પુનરુત્થાનનું પ્રતીક માનતા હતા.

૧૫ ડિસેમ્બર ૧૯૫૦ ના રોજ મુંબઈમાં સરદાર પટેલનું નિધન થયું હતું. પરંતુ બધા જ દેશવાસીઓના હૃદય પર તેઓ હંમેશા પ્રેરણા આપતા રહેશે. તેમનું નામ ઈતિહાસ માટે અંકિત થઈ ગયું. તેમની સ્મૃતિમાં ૩૧મી ઓક્ટોબરને આપણા ભારત દેશમાં રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે અને તે સમગ્રતા માટે પોતાનું જીવન અર્પણ કરનારને યાદ કરવાનો દિવસ છે. સન ૧૯૯૧માં સરદાર પટેલને દેશ માટે તેમના અતુલ્ય પૂર્વ યોગદાન માટે ભારતનું સર્વોચ્ચ નાગરિક સન્માન ગણાતો ભારતરત્નનો મરણોત્તર એવોર્ડ આપવામાં આવ્યો હતો. ૩૧ ઓક્ટોબર ૨૦૧૮ ના રોજ સરદાર વલ્લભભાઈના માનમાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નું ઉદ્ઘાટન ગુજરાતના કેવડિયામાં કરવામાં આવ્યું હતું. તે -પ્રતિમાની ઊંચાઈ ૧૮૨ મીટર (૫૯૭ ફૂટ) છે. દેશની અખંડતા અને એકતા માટે તેમણે કરેલો અથાક પુરુષાર્થ, તેમનું લોખંડી મનોબળ તથા આત્મબળ, તેમની રાષ્ટ્રીય એકતાની ઉત્કૃષ્ટ ભાવના અને નેતૃત્વ કરવાની તેમની ક્ષમતા ભારતવાસીઓને હંમેશા પ્રેરણા આપતી રહેશે. સરદાર પટેલને તેમના અજોડ મનોબળ, સાહસ તથા ત્યાગ માટે ભારતના લોખંડી પુરુષ તરીકે યાદ કરવામાં આવશે. સ્વતંત્રતા પછી ભારતના પહેલા નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી તરીકે તેમણે બધા દેશી રજવાડાંને એક સૂત્રમાં પરોવીને નવર અખંડ ભારતનો પાયો નાખ્યો. તેમના આ અજોડ પુરુષાર્થને દેશના લોકો કદાપિ ભૂલી શકશે નહીં.

સ્થાનિક સમાચાર

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

Saturday 31, October 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

વાપી આર.કે. દેસાઈમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૩૦ : આર.કે. દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપી ખાતે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન પ્રોવિડન્ટ ફંડ (PF)ના આયોજન હેઠળ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન સેન્ટ્રલ વિજિલન્સ કમિશનના માર્ગદર્શન હેઠળ ભ્રષ્ટાચાર પ્રત્યે જાગૃતિ કેળવવા, પ્રામાણિકતા અને નૈતિક મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે સતર્કતા જાગૃતિ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૬માં આ સપ્તાહની ઉજવણી ૨૭ ઑક્ટોબરથી ૧ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન ઙ્ગસત્યનિષ્ઠાથી સમૃદ્ધિ (Probity for Prosperity) વિષયવસ્તુ સાથે કરવામાં આવી રહી છે. આ પ્રસંગે આર.કે. દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પ્રામાણિકતા, પારદર્શિતા, જવાબદારી અને ભ્રષ્ટાચારમુક્ત સમાજના નિર્માણ અંગે જાગૃતિ કેળવવાનો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વિજય કુમાર, રિજનલ પ્રોવિડન્ટ ફંડ કમિશનર તથા રોહિત સિંહ, રિજનલ પ્રોવિડન્ટ ફંડ કમિશનર-II ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પી. એફ. ઓફિસ કમિશનર વિજય કુમાર, રોહિત સિંહ તથા અધ્યાપક ડૉ. ગુંજન વશી, અધ્યાપક કુંજલ ટંડેલ એ નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી.

આ સ્પર્ધામાં પ્રિયંકા પુરોહિત પ્રથમ , વૈષ્ણવી ઓઝા દ્વિતીય , ઉર્વશી રાઠોડ તૃતીય અને સિદ્ધી પાંચાલ એ ચતુર્થ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

સર્વ વિજેતાઓને પ્રમાણપત્ર તથા ભેટ આપવામાં આવ્યા. કાર્યક્રમનુ સમગ્ર આયોજન અધ્યાપક ડૉ. રાહુલ ટંડેલ દ્વારા કરવામાં આવ્યું હતું તથા અધ્યાપક સાહિલ કુમાર ધ્વારા સૂત્ર સંચાલન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બદલ સંસ્થાના ચેરમેન મિલનભાઈ દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહ , પ્રિન્સીપાલ ડૉ. પ્રીતિ ચૌહાણ અને પ્રિન્સીપાલ સરોજબેન પટેલે અભિનંદન પાઠવી શુભકામનાઓ આપી હતી.

ડાયમન્ડની ખરીદીનો અનુભવ વધારે શ્રેષ્ઠત્તમ બનાવવા

વાપી 'તનિષ્કે' ડાયમન્ડ એક્સપર્ટાઈઝ સેન્ટર લોન્ચ કર્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૩૦ : ટાટા ગ્રૂપની ભારતની સૌથી મોટી જવલેરી રિટેલ બ્રાન્ડ તનિષ્ક ગુજરાતના વાપીમાં આવેલા ગ્રાન્ડ સ્ટોરમાં ડાયમન્ડ એક્સપર્ટાઈઝ સેન્ટર (DXC) લોંચ કર્યું છે, જે ગ્રાહકો માટે અત્યાધુનિક ટેકનોલોજી અને ડાયમન્ડની પરખની સુવિધાને વધુ નિકટ લાવે છે. (DXC)ગ્રાહકોને સંવાદ અને ટેકનોલોજીથી સક્ષમ અનુભવ મારફતે અસલી ડાયમન્ડની ખાસિયતો જાણવા અને સમજવાની તક આપે છે. તનિષ્કે ડાયમન્ડ એક્સપર્ટાઈઝ સેન્ટર (DXC) દ્વારા નિ:શુલ્ક રીતે ગ્રાહકોને તેમની અસલી ડાયમન્ડ જવેલરીની પરખ કરવા તથા તેમની રીતે એની વિશિષ્ટ ખાસિયતો વિશે જાણવાની સુવિધા આપે છે. લાઈટસ્કોપ, ડાયમન્ડ કેરેટમીટર, માર્કિંગ વ્યૂઅર અને ક્લેરિટી વ્યૂઅર જેવા અત્યાધુનિક ડાઈગ્નોસ્ટિક ટૂલ સાથે સજ્જ (DXC) ગ્રાહકોને લાઈટ પર્ફોર્મન્સ, કુદરતી મૂળ અને ક્લેરિટી સહિત મુખ્ય ખાસિયતોને પારખવા સક્ષમ બનાવે છે. તો સાથે એની શુદ્ધતા ચકાસવાની પણ તક આપે છે. ડાયમન્ડની પરખ પાછળના વિજ્ઞાનને વિઝ્યુઅલ અને ઈન્ટરેક્ટિવ બનાવીને (DXC) ગ્રાહકોને તેમના અસલી ડાયમન્ડની ખાસિયતો વધારે સારી રીતે સમજવામાં અને વધારે સુમાહિતગાર પસંદગીઓ કરવામાં મદદ કરે છે.

ગ્રાહકોને આધુનિક ટેકનોલોજી અને ખાતરીને બદલે પુરાવા સાથે ડાયમંડની ખરાઈ કરવાની પ્રક્રિયા વધારે પારદર્શક અને સરળ બનાવી

આ સ્ટોર પ્લેન ગોલ્ડ અને અસલી ડાયમન્ડ જવેલરીની એક મોટી રેન્જ પણ ઓફર કરે છે, જેમાં આધુનિક, તહેવારના પ્રસંગો અને લગ્ન-સંગો માટે વિવિધ પ્રકારનાં કલેક્શન શામેલ છે. આ રેન્જમાં ફેસ્ટિવલ ઓફ ડાયમન્ડ્સ કલેક્શન પણ શામેલ છે, જેમાં ભારતમાં પહેલી વાર ફ્ફ઼ રેઈનબો પ્લેટિંગ ટેકનિકનો ઉપયોગ થયો છે. એને તનિષ્ક જ શરૂ કરી છે. આ ટેકનિક પ્રકાશ અને નેચરલ ડાયમન્ડ વચ્ચે તાલમેળને વધારે શ્રેષ્ઠ બનાવે છે, જેથી તેની ચમકમાં વધારો થાય છે અને શાનદાર ઓપ્ટિકલ અસરો ઊભી થાય છે. સાથે સાથે, 'સોલ્સ ઈન સિમ્ફની' કલેક્શન પણ છે, જેને ૧૮ કેરેટ ગોલ્ડમાંથી બનાવવામાં આવ્યું છે. આ કલેક્શન પરંપરાગત કારીગરીની લયથી પ્રેરિત છે, જેને આધુનિક દ્રષ્ટિકોણથી રજૂ કરવામાં આવ્યું છે. તેમાં વહેતા પ્રવાહ જેવી ગતિ, આર્કિટેક્ચરલ ડિટેલિંગ અને રંગોનો શાનદાર સુમેળ જોવા મળે છે. ઉપરાંત 'હ્યુસ' કલેક્શન પણ શામેલ છે, સાથે સાથે, આધુનિક મહિલાઓ માટે 'એલન' કલેક્શન પણ છે, જેમાં બારીક પેટર્ન, ફૂલોની ડિઝાઈન અને ચિલ્લાઈ પેવ-સેટ ડાયમન્ડ છે. આ રેન્જને 'રિવાહ' વધારે ખાસ બનાવે છે, જે તનિષ્કની ખાસ વેડિંગ જ્વેલરીની પેટા બ્રાન્ડ છે અને ભારતીય સમુદાયોની વિવિધ લગ્ન પરંપરાઓની ઉજવણી કરે છે. આ કલેક્શન ઉપરાંત, તેમાં સૉલિટેર, HVS નેકવેર અને બંગડીઓ જેવી મુખ્ય પ્રોડક્ટ શામેલ છે, જે ગ્રાહકોને અલગ-અલગ જ્વેલરી સ્ટાઈલ અને પ્રસંગો માટે અનેક પ્રકારના વિકલ્પો આપે છે. લોંચના ભાગરૂપે ગ્રાહકોને ડાયમન્ડની કિંમત પર ૩૦ ટકા સુધી ડિસ્કાઉન્ટનો લાભ મળી શકે છે,

જે તનિષ્કની અસલી ડાયમન્ડ જ્વેલરીની ડિઝાઈનની વિવિધ રેન્જને જોવાજાણવાની તક આપે છે. કારીગરી, ઈનોવેશન અને ગ્રાહકને જાણકારી આપવા પર ધ્યાન કેન્દ્રીત કરવાની સાથે તનિષ્ક જ્વેલરી ખરીદીની પ્રક્રિયા વિશે શ્રેષ્ઠ સમજણ મળે એવો અનુભવ આપે છે. વાપી તનિષ્કે આ ડાયમન્ડ એક્સ્પર્ટાઈઝ સેન્ટરનો પ્રારંભ કરી અસલી ડાયમન્ડને મેળવવાની અને જાણવાની તક ઉભી કરી છે.

દમણમાં વિદ્યાર્થીઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

પેકેજ્ડ ફૂડ ખરીદતા પહેલા ફૂડ લેબલ વાંચવાની જરૂરિયાત વિશે જાગૃત કરવામાં આવ્યા હતા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૩૦ : કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ્લ પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં, વિદ્યાર્થીઓને પેકેજ્ડ ખાદ્ય પદાર્થોના લેબલ પર દર્શાવેલ પોષક માહિતી, ઉમેરાયેલી ખાંડ અને સોડિયમની માત્રા, ઘટકોની સૂચિ, FSSAI લાયસન્સની વિગતો અને ઉત્પાદન અને ઉપયોગની તારીખો સંબંધિત માહિતી વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.તાલીમમાં ગેરમાર્ગે દોરતી જાહેરાતો અને પોષણના દાવાઓને કેવી રીતે ઓળખવા તે અંગેની માહિતી પણ શામેલ હતી. વિદ્યાર્થીઓને સલાહ આપવામાં આવી હતી કે, તેઓ ખોરાક ખરીદતી વખતે લેબલ પરની માહિતી કાળજીપૂર્વક વાંચે, ફક્ત જાહેરાતો અથવા પેકેજના દાવાઓ પર આધાર રાખીને નિર્ણય લેવાને બદલે. FSSAI પશ્ચિમ ક્ષેત્રના સહાયક નિયામક જ્યોતિ હરણે, ટેકનિકલ ઓફિસર હર્ષલા પાટિલ અને સલાહકાર શશાંક પાંડેએ વિદ્યાર્થીઓને ફૂડ લેબલ વાંચવા અને સમજવાની તાલીમ આપી હતી. દમણના ફૂડ સેફટી વિભાગના અધિકારીઓએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ પહેલનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય પ્રત્યે સભાન અને જવાબદાર ગ્રાહકો બનાવવાનો છે, જેથી તેઓ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, પોષણ માહિતી અને સલામતીના ધોરણોને ધ્યાનમાં રાખીને સલામત અને સંતુલિત આહાર પસંદ કરી શકે.

પારડી પાલિકાની સામાન્યસભામાં વિવિધ વિકાસના કામોને લીલીઝંડી અપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૩૦ : પારડી પાલિકાની સામાન્ય સભા આજરોજ પાલિકાના પ્રમુખ ચેતનભાઈ નાયકા ના અધ્યક્ષ સ્થાને સવારે ૧૧:૩૦ કલાકે ચીફ ઓફિસર કોમલબેન ઉપપ્રમુખ ફાલ્ગુની બેન કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી બાંધકામ અધ્યક્ષ પ્રણવ દેસાઈ ટાઉન પ્લાનિંગ ચેરમેન સીરીઝ પટેલ વોટર વર્ક ચેરમેન જીગ્નેશભાઈ પટેલ આરોગ્ય ચેરમેન કિરણ પટેલ તથા સદસ્ય ભૂમિબેન પારેખ મેઘાબેન ભાવસાર ઉષાબેન પટેલ જીગ્નેશ ભાઈ માંગેલા જાગૃતીબેન શાહ આ નીતાબેન રાય ઈલાબેન પરમાર રંજનાબેન પટેલ જીગ્નેશ ભાઈ આહીર વગેરે સાથે કોંગ્રેસના બીપીનભાઈ પટેલ નાસીરભાઈ શેખ પરવેશભાઈ તાઈ વનીતાબેન હળપતિ વગેરેની ઉપસ્થિતિમાં સામાન્ય સભા શરૂ કરવામાં આવી હતી જેમાં પહેલા સેનાના જવાન શહીદ થયા હોય અને ડમ્પિંગ સાઈડમાં અકસ્માતમાં બાળકનું મોત થયું હોય જે બાબતે મોન પાડવામાં આવ્યું હતું ત્યારબાદ પાલિકાના ચીફ ઓફિસર કોમલબેન અને પ્રમુખ ચેતનભાઈ નાયકા દ્વારા સામાન્ય સભા શરૂ કરવામાં આવી હતી સામાન્ય સભાના એજન્ડામાં ગઈ સામાન્ય સભામાં અને કારોબારી સભામાં લેવામાં આવેલા વિવિધ વિકાસના કામો જેમાં રસ્તા પાણી ગટર આવાસ અને અન્ય વિકાસલક્ષી કામ અંગે થયેલા ઠરાવો ને સરવાનું મતે મંજૂરી આપવામાં આવી હતી.

આ સામાન્ય સભામાં ડમ્પિંગ સાઈડમાં અકસ્માતમાં થયેલા બાળકના મોત અંગેના મુદ્દાને ઉઠાવવામાં આવ્યો હતો કોંગ્રેસના બીપીનભાઈ અને પરવેશભાઈએ કોન્ટ્રાક્ટરને બ્લેક લિસ્ટ કરવા માટે માંગણી કરી હતી જે અનુસાર ચીફ ઓફિસર અને પ્રમુખે ચોક્કસ કાર્યવાહી જે તે સમયે પોલીસે કરી હોય અને સમગ્ર મામલો પોલીસનો હોય જેથી તેઓએ સંપૂર્ણ મામલે જાણકારી આપી હતી બીજી તરફ બીપીનભાઈ પટેલે હાલમાં આરોગ્ય વિભાગના સેનેટરી ઈન્સ્પેક્ટર મેહુલભાઈ દ્વારા એક લાખ ૯૦ હજાર ની ઉચાપત કરવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો હતો અને તપાસ માંગી હતી મુદ્દો લાંબો ચાલતા મેહુલભાઈએ ૯૦,૦૦૦ જમા કર્યા હોવાનો એકાઉન્ટન્ટને પાસે ખુલાસો માંગવામાં આવ્યો હતો અને તેણે જણાવ્યું હતું. લાંબી ચર્ચા બાદ પ્રમુખ અને ચીફ ઓફિસર બંને જણાય નોટિસ આપી આ બાબતે પગલા લેવા જણાવ્યું હતુ જ્યારે ત્રિમાસિક હિસાબ અંગે જાણકારી આપવા કહ્યું હતુ બાદમાં ફરીથી કરવામાં આવેલ કચરાપેટી બાબતે ચીફ ઓફિસર પાસે જવાબ માંગ્યો હતો જે નિયમ મુજબ ખરીદી કરવામાં આવી હોય એ અંગેની જાણકારી ચીફ ઓફિસર એ આપી હતી ત્યારે કોંગ્રેસના તમામ સભ્યો તાત્કાલિક ખરીદી અંગેની જાણકારી આપવા માટે વિરોધ કર્યો હતો અને સભાખંડમાં નીચે બેસી ગયા હતા આમ સામાન્ય સભામાં કર્મચારી કચરાપેટી અને અન્ય બાબતોએ ચર્ચા રહી હતી સત્યના સવાલ જવાબના પ્રમુખ ચેતનભાઇ અને ચીફ ઓફિસર કોમલબેન જવાબો આપ્યા હતા અને એ બાબતે સાંભળ્યા હતા.આમ વિકાસના કામોની લીલી જંડી સાથે અને કોંગ્રેસના સભ્યના વિવિધ પ્રશ્નો ને પુછવણી સાથે શાંતિમય રીતે સામાન્ય સભા પૂર્ણ થઈ હતી કોઈ પ્રશ્ન બાબતે ભાજપ અને કોંગ્રેસના સભ્યોની તું તું મેં મેંપણ થઈ જતા સભા લાંબી ચાલી હતી. સભામાં માત્ર બે જ મુદ્દા હતા. કારોબારી અને સામાન્ય સભા જે યોજાઈ ગઈ હતી એને બહાલી આપવાની હતી.

ચલામાં સોસાયટીએ રૂા. ૭ લાખના ખર્ચે ખાડીની સફાઈ કરાવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૩૦ : વાપી મહાનગરપાલિકાના ચલા વિસ્તારમાં આવેલી ખાડીની સફાઈની કામગીરી બાકી રહેતાં ધ પાર્ક સોસાયટી દ્વારા પોતાના ખર્ચે અંદાજે રૂ. ૬થી ૭ લાખના ખર્ચે ખાડીની સફાઈ કરાવવામાં આવી છે. જાહેર સ્વચ્છતા અને સ્થાનિક રહેવાસીઓના આરોગ્યને ધ્યાનમાં રાખીને સોસાયટી દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી છે. ખાડીમાં ગંદકીના કારણે મચ્છરોના ઉપદ્રવ સહિતની સમસ્યાઓ ઊભી થતી હોવાથી સ્થાનિક લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. ખાડીની નિયમિત સફાઈ કરવાની જવાબદારી વાપી મહાનગરપાલિકાની હોવા છતાં સફાઈની કામગીરી બાકી રહેતાં સોસાયટીએ સ્વખર્ચે સફાઈ કરાવી છે. આ કામગીરીથી ખાડીની આસપાસ રહેતા લોકોને ગંદકી અને મચ્છરોના ઉપદ્રવની સમસ્યામાંથી રાહત મળવાની આશા છે.

નવસારી પોસ્ટ ઓફીસ દ્વારા ડાક અદાલત યોજાશે

(દમણગંગા ટાઈમ્સ)

નવસારી, તા. ૩૦ : નવસારી પોસ્ટ ઓફીસ દ્વારા તારીખ ૦૬.૧૧.૨૦૨૬ ના રોજ ૧૨ઁ૦૦ કલાકે ડાક અદાલત યોજવામાં આવશે. આ ડાક અદાલતમાં ટપાલ ખાતાના નીતિ-વિષયક મુદ્દાઓ સિવાયની ફરિયાદ લેખિતમાં કરી શકાશે. ભારતીય ટપાલ સેવા પૈકી કોઈ એક જ વિષયને સ્પર્શતી ફરિયાદો ઓફિસ ઓફ સિનીયર સુપ્રીટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસીસ નવસારી ડીવીઝન, નવસારી-૩૯૬૪૪૫ ના સરનામે તારીખ ૦૪.૧૧.૨૦૨૬ સુધીમાં મળી જાય તેવી રીતે અરજી મોકલી શકાશે. આ તારીખ બાદ આવેલ ફરિયાદ ધ્યાનમાં લેવામાં આવશે નહિ. નવસારી પોસ્ટ ઓફીસની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

વલસાડ ઈન્ડ. એસો. દ્વારા ગુંદલાવમાં ESIC ડિસ્પેન્સરીનું ઉદ્ઘાટન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૩૦ : વલસાડ નજીક આવેલ ગુંદલાવ જીઆઈડીસી માં વલસાડ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (VIA) ના કોમ્યુનિટી સેન્ટર ખાતે ESIC ડિસ્પેન્સરીનું ઉદ્ઘાટન બુધવાર, તા. ૨૮ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વલસાડ જિલ્લાના કલેક્ટર નિતિન વી. સાંગવાન મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે ડિસ્પેન્સરીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.સમારોહમાં વલસાડ ના ધારાસભ્ય ભરત પટેલ, ગુંદલાવના સરપંચ નિતિન પટેલ, ESIC તથા ESIS વિભાગના અધિકારીઓ, તબીબી કર્મચારીઓ, GIDCના અધિકારીઓ અને સ્ત્ખ્ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.ગુંદલાવ GIDC વિસ્તારમાં મોટી સંખ્યામાં ઔદ્યોગિક એકમો કાર્યરત છે અને અહીં અનેક કામદારો તથા કર્મચારીઓ રોજગાર મેળવે છે. આવા ઔદ્યોગિક કર્મચારીઓ અને ESIC હેઠળ આવરી લેવાયેલા વીમાધારક વ્યક્તિઓને આરોગ્ય સેવાઓ મેળવવામાં સુવિધા મળે તે હેતુથી આ ડિસ્પેન્સરીની પહેલ મહત્વપૂર્ણ છે. VIA કોમ્યુનિટી સેન્ટર ખાતે આ સુવિધા ઉપલબ્ધ થવાથી વિસ્તારના ઔદ્યોગિક સમુદાય માટે આરોગ્ય સેવાઓની પહોંચ વધુ સરળ

બનવાની અપેક્ષા છે.

આ પ્રસંગે ESICના રિજનલ ડિરેક્ટર હેમંત કુમાર પાંડે, ESISના ડિરેક્ટર ડૉ. મોનિકા પટેલ, ESICના સ્ટેટ મેડિકલ ઓફિસર ડૉ. વિજય ધાનક, ESICના જોઈન્ટ ડિરેક્ટર આશિષ શંકર, ESISના ADMS તથા વડોદરા રીજનના રિજનલ હેડ ડૉ. હસમુખ ચાવડા સહિતના અધિકારીઓની ઉપસ્થિતિ અને સહકાર બદલ VIA દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સમારોહ દરમિયાન VIAના ઉપપ્રમુખ દિવ્યેશ દલાલે સ્વાગત પ્રવચન કર્યું હતું. VIAના સેક્રેટરી-એડમિનિસ્ટ્રેશન શૈલેશ પારેખે આ પહેલની પૃષ્ઠભૂમિ તથા VIA દ્વારા કરવામાં આવેલા સંકલન અંગે માહિતી આપી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો અને સંબંધિત અધિકારીઓનું મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.VIA દ્વારા જણાવાયું હતું કે ઉદ્યોગો અને કામદારોના હિતમાં આરોગ્ય તથા સામાજિક કલ્યાણ સંબંધિત સુવિધાઓને પ્રોત્સાહન આપવું એસોસિએશનની પ્રાથમિકતાઓમાંનું એક છે. ESIC તથા ESISના સંબંધિત અધિકારીઓના સહકારથી આ સુવિધાને આગળ વધારવામાં સહયોગ મળ્યો છે. કાર્યક્રમના અંતે VIA દ્વારા મુખ્ય અતિથિ, સ્થાનિક જનપ્રતિનિધિઓ, ESIC-ESISના અધિકારીઓ, તબીબી ટીમ અને ઉપસ્થિત તમામ મહાનુભાવોનો આભાર માનવામાં આવ્યો હતો.

'સરદાર' બનવાની સફર : યુવાનોને નેતૃત્વનો પાઠ



ભાગ્યેન્દ્ર પટેલ
ભિનાર
(હાલ ને.બુ.ટ્ર., દિલ્હી)

સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલને ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહ દરમિયાન 'સરદાર'નું બિરુદ પ્રાપ્ત થયું હતું. બારડોલીની મહિલાઓએ તેમને આ બિરુદ આદર અને પ્રેમપૂર્વક આપ્યું હતું. 'સરદાર'નો અર્થ થાય છે નેતા અથવા આગેવાન. સરદાર એટલે કોઈ સમૂહના લોકોના નેતા, તેમના નાયક, જેમનો આદેશ સૌને માન્ય હોય અને સૌ જેને અનુસરે. વલ્લભભાઈ આવા સર્વગુણસંપન્ન નેતા હતા. તેઓ નેતૃત્વના પ્રતીક હતા અને સાચા અર્થમાં સરદાર હતા.

વલ્લભભાઈ પટેલે પોતાનું સમગ્ર જીવન દેશસેવા માટે સમર્પિત કરી દીધું પણ તેમણે ક્યારેય નેતૃત્વનો દાવો કર્યો નહોતો; તેઓ ભારતની સ્વતંત્રતાની લડતમાં તેઓ ગાંધીજી અને અન્ય નેતાઓની સાથે રહીને કાર્ય કરતા રહ્યા. જોકે, બારડોલી સત્યાગ્રહ અને ખેડા સત્યાગ્રહ જેવાં મહત્ત્વપૂર્ણ આંદોલનોનું તેમણે નેતૃત્વ કર્યું હતું. આ ઉપરાંત, અનેક સંઘર્ષોમાં તેમણે અગ્રણી ભૂમિકા ભજવી હતી અને એક મહાન નેતા તરીકે પોતાની ક્ષમતા પુરવાર કરી હતી. તેમનામાં રહેલા નેતૃત્વના ગુણો અનુકરણીય હતા અને કોઈ પણ મહાન નેતામાં આવા ગુણો હોવા આવશ્યક છે. આ ગુણોનો વિકાસ તેમનામાં બાળપણથી જ થવા લાગ્યો હતો. કહેવત છે કે 'પુત્રનાં લક્ષણ પારણામાં' એ જ રીતે તેમના પ્રારંભિક જીવન પર નજર નાખીએ તો સમજાય છે કે એક સામાન્ય પરિવારમાં જન્મ્યા હોવા છતાં તેમનામાં નેતૃત્વના ગુણો કેવી રીતે ધીમે ધીમે વિકસ્યા હતા. તેમનો જન્મ અને ઉછેર તે સમયના મુંબઈ પ્રાંતમાં આવેલા ખેડા પ્રદેશના એક સામાન્ય ગામમાં થયો હતો, જે આજના ગુજરાતનો ભાગ છે. શાળાએ જવાની ઉંમર થાય ત્યાં સુધી તેઓ માતા-પિતા સાથે ખેતીકામમાં મદદ કરતા હતા. તેમના પિતા ઝાંસીની રાણીની સેનામાં સૈનિક તરીકે સેવા આપી ચૂક્યા હતા. પિતા પાસેથી તેમને શૌર્ય અને બહાદુરીનો વારસો મળ્યો હતો, જ્યારે તેમની માતા ધાર્મિક વૃત્તિ ધરાવતાં હતાં અને પવિત્ર ગ્રંથો તથા ભજનો દ્વારા તેમને નૈતિક મૂલ્યોના પાઠ શીખવતાં હતાં. તેઓ પ્રાથમિક શાળામાં દાખલ થયા ત્યારે તેઓ વર્ગના અન્ય વિદ્યાર્થીઓ કરતાં ઉંમરમાં થોડા મોટા હતા. તેઓ આજ્ઞાકારી, શિસ્તબદ્ધ અને તેજસ્વી વિદ્યાર્થી હતા, પરંતુ અન્યાયનો સખત વિરોધ કરતા હતા. આ કારણે ઘણી વાર તેમને શિક્ષકોની સજા પણ ભોગવવી પડતી હતી. પરિણામે, તેમણે એક શાળા છોડી બીજી શાળામાં પ્રવેશ લીધો હતો, જે તેમના ગામથી દૂર હતી. ત્યાં જવા માટે તેઓ પગપાળા ચાલીને જતા હતા. એક વાર શાળાએ જતી વખતે તેમણે જાહેર માર્ગની વચ્ચે ઝાડનું એક મોટું થડ પડેલું જોયું. તેમણે પોતાના મિત્રોને તે થડ હટાવવામાં મદદ કરવા કહ્યું, પરંતુ જમીનમાલિકના ડરથી બધા મિત્રો ત્યાંથી ભાગી ગયા. જમીનમાલિકે સીમા દર્શાવવા માટે તે થડ મૂક્યું હતું. વલ્લભભાઈએ હિંમત હારી નહીં અને એકલા હાથે તેને હટાવવાનો પ્રયાસ કર્યો. અંતે તેઓ સફળ થયા. આ પ્રસંગ તેમની એ માન્યતા દર્શાવે છે કે માર્ગમાં આવતાં અવરોધોને દૂર કરવા માટે તાત્કાલિક પગલાં લેવાં જોઈએ.

લગભગ અઢાર વર્ષની ઉંમરે વલ્લભભાઈને બગલમાં એક મોટો ફોડો થયો હતો. તેમની સારવાર માટે એક વૈદ્યને બોલાવવામાં આવ્યા. તે સમયની સારવારની પદ્ધતિ પ્રમાણે વૈદ્યએ લોખંડનો સળિયો અંગારામાં લાલચોળ થાય ત્યાં સુધી ગરમ કર્યો અને તેને વલ્લભભાઈની બગલ પાસે લઈ જવા લાગ્યા. પરંતુ આ કિશોરને ખૂબ પીડા થશે એવા વિચારથી તેઓ ખચકાતા હતા. તેમની ખચકાટ જોઈને વલ્લભભાઈએ પોતે જ ગરમ સળિયો હાથમાં લીધો અને પોતાની સારવાર કરી નાખી. કિશોરાવસ્થામાં જ તેમણે દર્શાવેલી હિંમત, સહનશીલતા અને અસાધારણ ધૈર્યનું આ એક નોંધપાત્ર ઉદાહરણ હતું.વલ્લભભાઈએ બેરિસ્ટર બનવા માટે કાયદાનો અભ્યાસ કરવા લંડન જવાની અરજી કરી હતી. તેના જવાબમાં 'વી. જે. પટેલ' નામે એક ટિકિટ આવી હતી. તેમના મોટા ભાઈ વિઠ્ઠલભાઈના નામના ટૂંકા સ્વરૂપ સાથે પણ આ નામ મળતું આવતું હોવાથી ટિકિટ પહેલાં તેમના ભાઈના હાથમાં આવી. વિઠ્ઠલભાઈએ વલ્લભભાઈને કહ્યું કે તેમના નામની ટિકિટ આવી છે અને તેઓ લંડન જવા માગે છે. વલ્લભભાઈ જાણતા હતા કે આ ટિકિટ હકીકતમાં તેમના માટે હતી, તેમ છતાં તેમણે પોતાના મોટા ભાઈને લંડન જવા દીધા. આ પ્રસંગ તેમની ઉદારતા, નિ:સ્વાર્થ ભાવના અને પરિવાર પ્રત્યેના ઊંડા આદરનું ઉદાહરણ છે.

યુવાવસ્થામાં એક મહત્ત્વપૂર્ણ અને અઘરો કોર્ટ કેસ લડી રહ્યા હતા ત્યારે તેમની સહનશીલતા, કાર્યનિષ્ઠા અને ફરજ પ્રત્યેની નિષ્ઠાનું એક અસાધારણ ઉદાહરણ જોવા મળ્યું હતું. કેસની દલીલો ચાલી રહી હતી ત્યારે તેમને એક તાર મળ્યો, જેમાં તેમની પત્નીના અવસાનના સમાચાર હતા. છતાં તેમણે શાંતિપૂર્વક તે તાર પોતાના ખિસ્સામાં મૂક્યો અને કોર્ટમાં દલીલો ચાલુ રાખી. તેમણે પોતાના અસીલને ન્યાય અપાવવાની ફરજ પૂર્ણ કરી. આ ઘટના તેમની અડગ કર્તવ્યનિષ્ઠા અને અદભુત આત્મસંયમનો શક્તિશાળી પુરાવો છે. વલ્લભભાઈ ઇંગ્લેન્ડથી પાછા ફર્યા અને મોહનદાસ ગાંધી દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા આવ્યા ત્યારે અમદાવાદમાં બંનેનો પરિચય થયો હતો. પ્રથમ મુલાકાતમાં વલ્લભભાઈ ગાંધીજીથી ખાસ પ્રભાવિત થયા નહોતા. પરંતુ ગોધરામાં ગાંધીજીનું ભાષણ સાંભળ્યા પછી તેઓ તેમના વિચારોથી ખૂબ પ્રભાવિત થયા અને સ્વતંત્રતાની લડતમાં તેમની સાથે જોડાવાનો નિર્ણય લીધો. ગાંધીજીએ વલ્લભભાઈને ખેડા સત્યાગ્રહ અને બારડોલી સત્યાગ્રહ જેવાં મહત્ત્વપૂર્ણ આંદોલનોનું નેતૃત્વ સોંપ્યું હતું. વલ્લભભાઈએ અસાધારણ દૃઢતા અને સંગઠનશક્તિથી આ જવાબદારીઓ નિભાવી. બારડોલી સત્યાગ્રહમાં તેમના નેતૃત્વને કારણે તેમને 'સરદાર'નું બિરુદ મળ્યું. પત્નીના અવસાન પછી વલ્લભભાઈ પટેલે ફરી લગ્ન કર્યા નહોતા. તેમણે પોતાનું સમગ્ર જીવન દેશસેવા માટે સમર્પિત કરી દીધું હતું. ગાંધીજી સાથે કાર્ય કરતાં તેમણે અનેક વખત જેલવાસ પણ ભોગવ્યો હતો.

૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળમાં તેમણે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ ચળવળ દરમિયાન તેમની ધરપકડ કરવામાં આવી અને તેમને જેલમાં રાખવામાં આવ્યા હતા. ૧૯૪૫ સુધી તેમણે સ્વતંત્રતાની લડત દરમિયાનનો પોતાનો અંતિમ જેલવાસ ભોગવ્યો હતો.૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું ત્યારે વલ્લભભાઈ પટેલ દેશના પ્રથમ નાયબ વડા-ધાન અને ગૃહપ્રધાન બન્યા. નવા સ્વતંત્ર થયેલા ભારત સામેનો સૌથી મોટો પડકાર દેશનાં ૫૬૫ જેટલાં રજવાડાંઓને ભારતીય સંઘમાં ભેળવવાનો હતો. પટેલે અસાધારણ દૃઢતા, રાજદ્વારી કુશળતા અને દૂરંદેશીથી આ વિશાળ જવાબદારી સંભાળી. સપ્ટેમ્બર ૧૯૪૮માં પોલીસ કાર્યવાહી બાદ હૈદરાબાદ રાજ્યના વિલીનીકરણ સાથે અખંડ ભારતનું તેમનું સ્વપ્ન સાકાર થવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ભરાયું. આ ઐતિહાસિક સિદ્ધિઓ દરમિયાન સરદાર વલ્લભભાઈ પટેલે અદભુત દૃઢતા, હિંમત, ધીરજ અને રાષ્ટ્રીય એકતા પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ ગુણોને કારણે જ તેઓ 'લોખંડી પુરુષ' તરીકે ઓળખાયા. સાચા અર્થમાં તેઓ એક આદર્શ નેતા હતા, જેમના જીવનમાંથી નેતૃત્વની ઈચ્છા ધરાવતી કોઈ પણ વ્યક્તિ અમૂલ્ય પાઠ શીખી શકે છે. તેમના વ્યક્તિત્વમાં પ્રામાણિકતા, શિસ્ત, નિર્ણયશક્તિ, કર્તવ્યનિષ્ઠા, નિ:સ્વાર્થતા અને જનહિત પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતા જેવા મહાન નેતાના તમામ આવશ્યક ગુણો સમાયેલા હતા.

નર્મદા નદીના કિનારે 'સ્ટેચ્યૂ ઑફ યુનિટી' વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે. તે સરદાર વલ્લભભાઈ પટેલના વિરાટ વ્યક્તિત્વનો પુરાવો છે અને એક મહાન રાષ્ટ્રીય નેતા તરીકેની તેમની મહત્તા, ગરિમા અને ગૌરવનું પ્રતીક છે. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીના અવસરે તેમના જીવન અને કાર્ય પર વિશેષ નાટ્યપ્રસ્તુતિ તૈયાર કરતી વખતે મેં તેમના જીવનચરિત્રનો અભ્યાસ કર્યો અને તેમના જીવનના વિવિધ પ્રસંગોને સમજવાનો પ્રયાસ કર્યો. આ અભ્યાસ દરમિયાન મને સમજાયું કે તેમનામાં રહેલા નેતૃત્વના ગુણો કોઈ પણ નેતા બનવા ઈચ્છુક વ્યક્તિએ પોતાના જીવનમાં ઉતારવા જેવા છે. નેતૃત્વ મજબૂત, દીર્ઘજીવી અને લોકો પર સાચો પ્રભાવ પાડનારું ત્યારે જ બની શકે, જ્યારે નેતામાં ત્યાગ, સહનશીલતા, સંયમ, હિંમત, પ્રામાણિકતા, સાદગી, ઓછું બોલીને નક્કર કાર્ય કરવાની વૃત્તિ, વાક્પટુતા અને શુદ્ધ ચારિત્ર્ય જેવા ગુણો હોય. આ તમામ ગુણો સરદાર વલ્લભભાઈ પટેલના વ્યક્તિત્વમાં ઊંડાણપૂર્વક વણાયેલા હતા. આ ગુણોમાંથી તેમની અસાધારણ સહનશીલતા અને હિંમતથી હું વિશેષ પ્રભાવિત થયો છું. મારી નાટ્યપ્રસ્તુતિમાં મેં આ તમામ ગુણો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને મારા અભિનય દ્વારા તેમને ચિતરવાનો પ્રયત્ન કર્યો છે.

મારું માનવું છે કે નેતા બનવા ઈચ્છતી દરેક વ્યક્તિએ આ ગુણો કેળવવા જોઈએ. સરદાર પટેલ સાચા અર્થમાં એક આદર્શ વ્યક્તિત્વ અને આદર્શ નેતા હતા. તેમનું જીવન આજના યુવાનો માટે પણ એટલું જ પ્રસ્તુત છે. જે કોઈ સારો નેતા બનવા માગે છે, તે તેમના જીવનમાંથી ઘણું શીખી શકે છે.

જાહેર જીવનમાં તેઓ પ્રામાણિકતા, વહીવટી કાર્યક્ષમતા અને નિયમો તથા સિદ્ધાંતોના પાલન માટે જાણીતા હતા. સરદાર વલ્લભભાઈ પટેલ આજે પણ અને આવનારી પેઢીઓ માટે પણ પ્રેરણાના અખૂટ સ્રોત બની રહ્યા છે. તેમનું જીવન અને વારસો નેતૃત્વ, પ્રામાણિકતા, રાષ્ટ્રસેવા અને ભારતની એકતા પ્રત્યેની અડગ નિષ્ઠાનું શાશ્વત ઉદાહરણ બની રહેશે.

ગુજરાતમાં મોદીની રૂા.૧૪ હજાર કરોડના પ્રકલ્પોની દિવાળી ભેટ

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા.૩૦ : દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બે દિવસીય ગુજરાત પ્રવાસનો બનાસકાંઠાના ભીલડીથી પ્રારંભ થયો હતો. શુક્રવારે સવારે વડાપ્રધાન ડીસા એરપોર્ટથી સીધા ભીલડી હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે આવી પહોંચ્યા હતાં. બનાસકાંઠા જિલ્લાના ભીલડીમાં રૂા.૧૪,૦૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત તેમણે કર્યું હતું. આ ઉપરાંત, પીએમ કિસાન યોજનાનો આશરે રૂા.૧૯,૦૦૦ કરોડનો ૨૪મો હપ્તો રીલિઝ કર્યો હતો. વડા-ધાનના આગમનને લઈને બનાસવાસીઓમાં જાણે વહેલી દિવાળી આવી હોય તેવો ઉત્સાહભર્યો માહોલ જોવા મળ્યો હતો. ભીલડીમાં યોજાયેલી ખાટલાસભાને સંબોધતા પીએમ મોદીએ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. પીએમએ રાહુલ ગાંધીને ટોણો માર્યો હતો કે, બનાસકાંઠાના લોકો પહેલેથી બટાકામાંથી સોનુ બનાવે છે. અહીં આવીને કોઈને કહેવાની જરૂર નથી. આ ઉપરાંત મોદીએ વિરોધીઓ પર નિશાન સાધતા કહ્યું કે, કેટલાક લોકોને દેશને તકલીફમાં જ જોવામાં આનંદ આવે છે. તેઓ અફવા ફેલાવે છે. આ પ્રસંગે તેમણે બનાસકાંઠાના લોકોને મક્કમ સૂરમાં જણાવ્યું કે, મારા જીવનની અંતિમ ક્ષણ સુધી હું માત્ર તમારી સેવામાં સમર્પિત રહીશ. ઉપરાંત ખેડૂતોના હિતમાં ભારત બોવાઇન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર (BBBRC), બનાસ ડેરીના નવા પોટેટો એક્સપાન્શન અને UHT-ASRSનું ઈ-લોકાર્પણ તથા બનાસ ડેરીના થરાદ અને રાધનપુર ખાતે બે નવા કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતને બે નવી રેલ સેવાઓની ભેટ સાથે , મેટ્રો, આંગણવાડી, કૃષિ અને પશુપાલન ક્ષેત્રે કરોડોના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત પીએમ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાને વાછરડાંને દૂધ પીવડાવી પશુપાલન સાથે જોડાયેલા આ કેન્દ્રની કામગીરીમાં રસ દાખવ્યો હતો. ભીલડી ખાતેનું BBBRC બનાસકાંઠા સહિત ગુજરાતના પશુપાલન ક્ષેત્ર માટે મહત્ત્વપૂર્ણ માળખાકીય સુવિધા માનવામાં આવે છે. ૧૨૭ એકરમાં ફેલાયેલું આ કેન્દ્ર આશરે રૂ.૩૨૫ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. તેનો મુખ્ય હેતુ દેશી ગૌવંશની ગુણવત્તા સુધારવા, વૈજ્ઞાનિક પદ્ધતિથી પશુઓનું સંવર્ધન કરવા અને આધુનિક પ્રજનન ટેક્નોલોજીનો લાભ પશુપાલકો સુધી પહોંચાડવાનો છે. વડાપ્રધાને ભીલડીમાં આ કેન્દ્રની મુલાકાત દરમિયાન પશુપાલન ક્ષેત્રે કાર્યરત મહિલા પશુપાલકો સાથે પણ સંવાદ કર્યો હતો.

પીએમએ ખેડૂતો અને અન્નદાતાઓને વિકસિત ભારતના સૌથી મજબૂત આધારસ્તંભ ગણાવતાં જણાવ્યું હતું કે, અમારી સરકારે હંમેશાં ખેડૂતોના કલ્યાણ અને સશક્તીકરણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. વર્ષ ૨૦૧૩-૧૪ની સરખામણીએ દેશનું કૃષિ બજેટ પાંચ ગણાથી વધુ વધારવામાં આવ્યું છે. વડાપ્રધાન કિસાન સન્માન નિધિ નાના ખેડૂતોના જીવનનો અભિન્ન હિસ્સો બની છે. ગુજરાતના ૫૦ લાખથી વધુ ખેડૂતોના ખાતામાં રૂ.૧,૦૦૦ કરોડથી વધુની રકમ જમા કરવામાં આવી છે, જેમાં બનાસકાંઠાના લાખો ખેડૂત પરિવારોને આશરે રૂ.૫૦ કરોડનો લાભ મળ્યો છે.

પશુપાલનને ગ્રામ્ય અર્થતંત્રનો મહત્ત્વપૂર્ણ આધારસ્તંભ ગણાવતાં વડા-ધાનએ જણાવ્યું હતું કે, આ ક્ષેત્રમાં ગ્રામ્ય મહિલાઓની ભાગીદારી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. છેલ્લાં એક દાયકામાં ડેરી અને પશુપાલન ક્ષેત્રમાં વિજ્ઞાન તથા ટેક્નોલોજીના ઉપયોગને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. પશુઓની સારી ઓલાદથી દૂધ ઉત્પાદન વધે છે, જ્યારે સમયસર રસીકરણ અને યોગ્ય સારવારથી પશુઓને રોગોથી બચાવી શકાય છે. પશુ સ્વસ્થ હશે તો મારા પશુપાલક ભાઈ-બહેનોની આવક પણ વધશે.

વડાપ્રધાનએ રાષ્ટ્રીય ગોકુલ મિશનનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, દેશી પશુધનની જાળવણી અને વૈજ્ઞાનિક પદ્ધતિથી ઓલાદ સુધારણા માટે આ મિશન મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. બનાસકાંઠામાં નિર્મિત નવું સંશોધન કેન્દ્ર ગીર, સાહિવાલ અને કાંકરેજ જેવી દેશી ગાયોની ઓલાદો તેમજ મહેસાણા, મુર્રાહ અને જાફરાબાદી જેવી ભેંસોની ઓલાદોના સંવર્ધન અને ગુણવત્તા સુધારણામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે. કાંકરેજ ઓલાદ માટે આ દેશનું પ્રથમ આવું સંશોધન કેન્દ્ર બનશે.

વડાપ્રધાનએ જણાવ્યું હતું કે, સરકારનો પ્રયાસ છે કે પશુપાલકોને માત્ર દૂધમાંથી જ નહીં, પરંતુ ગોબર અને કૃષિ અવશેષોમાંથી પણ આવક થાય. આ માટે બનાસ ડેરી જેવી સહકારી સંસ્થાઓના સહયોગથી બાયોગેસ, બાયો-CNG અને જૈવિક ખાતરના ઉત્પાદન માટે માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે. આજે બે બાયો-CNG પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. પશુઓને સ્વસ્થ રાખવા, દૂધ ઉત્પાદન વધારવા અને ગોબરનો સંપૂર્ણ ઉપયોગ કરીને ખેડૂતોની આવક વધારવાનો સરકારનો સંકલ્પ છે.

અમદાવાદના અડાલજથી મહેસાણાના રોડના અપગ્રેડેશનનો શિલાન્યાસ પણ વડાપ્રધાનના હસ્તે કરાયો હતો. અમદાવાદમાં મેટ્રો ફેઝ-૨એ (કોટેશ્વરથી એરપોર્ટ) અને ફેઝ-૨બી (ગિફ્ટી સિટી એક્સટેન્શન)નો શિલાન્યાસ કર્યો હતો. પીએમ મોદીએ ઉત્તર ગુજરાતથી બે ટ્રેનોને વર્ચ્યુઅલ લીલી ઝંડી આપી હતી. જેમાં મહેસાણાથી બહુચરાજી મેમુ ટ્રેન અને સાબરમતીથી વારાણસી રૂટ પર નવી ટ્રેન વારાણસી એક્સપ્રેસનું સત્તાવાર રીતે પ્રસ્થાન કરાવાયું હતું.

મોદીએ ૭ ઓક્ટોબર ૨૦૦૧માં સરકારના વડા તરીકે શપથ લીધા હતા અને આ વર્ષે ઓક્ટોબર મહિનામાં તેમની જાહેરજીવનમાં સરકારના વડા તરીકે ૨૫ વર્ષની સેવાયાત્ર પૂરી થયાનો તેમણે ઉલ્લેખ કર્યો હતો.

નામ બદલ્યું છે

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **પટેલ રોઝી પ્રભુ** હતું જે બદલીને મારૂ નવું નામ **રાજવીર પટેલ** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી.

લિ. **રાજવીર પટેલ**

સરનામું : કોઠારપાડા, આંબોલી, પોસ્ટ. આંબોલી, દાદરા અને નગર હવેલી - ૩૯૬૨૩૦

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM HUMAIRA TO HUMAIRA ACTARALI
ADDRESS: -186/2, DEVKA TAIWAD, NANI DAMAN-396210

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Public Works Department
NOTICE INVITING TENDER
Expansion of Education Hub at Tokarkhada, (Primary School)

On line downloading start of tender documents	29.10.2026 @ 16.00 Hrs
* Pre-bid meeting	N.A.
Last date & Time for Receipt of Bid/Uploading Bid	04.11.2026 @ 11.30 Hrs
Online Opening of Technical Bid	25.11.2026 @ 14.00 Hrs
On line opening of Price Bid	25.11.2026 @ 16.30 hrs. (if possible)

For details please scan dnhtenders.nic.in e-bldg-dnh@ddd.gov.in 0260 2642350

ID.No. 2026_UTDNH_8316_1

I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/728 Dtd.29/10/2026

NO.: IP/DMN/2/5/2026-27/612 DATED :30/10/2026

જાહેર નોટીસ

એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

જન્મ-મરણ કેસ નં.૧૪૮/૨૦૨૬

અરજદાર : નવીનભાઈ વજીરભાઈ પટેલ
નિશાળ ફળિયા, અરનાલા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, અરનાલા, તા.નાનાપોંઢા, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **નવીનભાઈ વજીરભાઈ પટેલનો** જન્મ તા.૦૧/૦૬/૧૯૭૦ના રોજ મોજે અરનાલા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત અરનાલાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત અરનાલાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી અરનાલા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Collectorate - Dadra and Nagar Haveli
Tender Notice

Subject : Engaging of 01 Supervisor in Aadhaar at the Collectorate, Dadra and Nagar Haveli, Silvassa on Outsourcing.
Document No. ADM/UIDAI/Outsourcing of Staff/246/2024/2181
Last Date & Time for Bid Submission : 10/11/2026

for details piease scan contact 0260-2642106

Note : Tender Details can be downloaded by scanning the QR Code Superintendent (Collectorate), District Secretariat, Dadra & Nagar Haveli

NO.: IP/DMN/2/5/2026-27/611 DATED :30/10/2026

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
સેલવાસ નગર પાલિકા
નિવિદા આમંત્રણ સુચના

કાર્ય નું નામ: ગ્રીનફિલ્ડ વિસ્તારો અને બાકીના વિસ્તારો માટે ગટર નેટવર્કની ડિઝાઇન અને SMC વિસ્તારમાં હાલના નેટવર્ક સાથે સંકલન માટે કન્સલ્ટન્સી સેવા.

ટેન્ડર સૂચના નં.	૧૫ of ૨૦૨૬-૨૭
ટેન્ડર ID	2026_UTDNH_8318_1
દસ્તાવેજ ડાઉનલોડ પ્રારંભ તારીખ	૩૦/૧૦/૨૦૨૬ ૧૮.૦૦ વાગ્યે
પ્રિ - બિડ મીટિંગ ની તારીખ	-----Nil----
બિડ/અપલોડ કરવા માટેની છેલ્લી તારીખ અને સમય	૧૬/૧૧/૨૦૨૬ ૧૫.૦૦ વાગ્યે
બિડ ઓનલાઇન ખુલવાની તારીખ	૧૬/૧૧/૨૦૨૬ ૧૫.૦૦વાગ્યે

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો
Web Site : https://dnhtenders.gov.in
Mail ID: silvassamunicipalcouncil.com
Phone No. 0260-2633193
Mo. No.: +91 8347472611
કોઈપણ અન્ય વિગતો:

મુખ્ય અધિકારી, સેલવાસ નગર પાલિકા, દાદરા અને નગર હવેલી, સેલવાસ

NO.: IP/DMN/2/5/2026-27/610 DATED :30/10/2026

જાહેર નોટીસ

એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

જન્મ-મરણ કેસ નં.૧૪૪/૨૦૨૬

અરજદાર : અનિલભાઈ પરભુભાઈ પટેલ
વેસ્તા બુધિયા ફળિયા, મોટીતંબાડી, તા.નાનાપોંઢા, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, મોટીતંબાડી, તા.નાનાપોંઢા, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ચણીબેન ભીખલાભાઈ પટેલનું** મરણ તા.૦૨/૦૪/૧૯૭૩ના રોજ મોજે મોટીતંબાડી, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત મોટીતંબાડીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત મોટીતંબાડીને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી મોટીતંબાડી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

જાહેર નોટીસ

એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

જન્મ-મરણ કેસ નં.૧૪૬/૨૦૨૬

અરજદાર : ચંપાબેન વજીરભાઈ પટેલ
હનુમાન ફળિયા, મોટીતંબાડી, તા.નાનાપોંઢા, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, મોટીતંબાડી, તા.નાનાપોંઢા, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **વેસ્તીબેન રવિયાભાઈ પટેલનું** મરણ તા.૦૧/૦૬/૧૯૯૦ના રોજ મોજે મોટીતંબાડી, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત મોટીતંબાડીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત મોટીતંબાડીને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી મોટીતંબાડી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

જાહેર નોટીસ

એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

જન્મ-મરણ કેસ નં.૧૨૬/૨૦૨૬

અરજદાર : મનુભાઈ છગનભાઈ પટેલ
પટેલ ફળિયા, કોઠાર, તા.નાનાપોંઢા, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, કોઠાર, તા.નાનાપોંઢા, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **છગનભાઈ અર્જુનભાઈ પટેલનું** મરણ તા.૨૦/૧૧/૨૦૦૧ના રોજ મોજે કોઠાર, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કોઠારના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કોઠારને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કોઠાર ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

No MAM/SIL/RTS/RBD-DNH/211/Birth/2026/4829 **Dated 05/9/2026**

AAPPLICANT - Samiya Irafan Shaikh,
Presently residing at- 31, Bavisa Faliya,
Silvassa, DNH, Mo. 7041847867
V/S
OPPONENTS - The Registrar of Births & Deaths, Silvassa Municipal Council.

NOTICE

The public to take note that the above, named applicant Samiya Irafan Shaikh, who was born on 10/04/2004 at Amli, Bavisa Faliya, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Silvassa Municipal Council. Hence, the applicant has moved on application to pass an order to register birth of Samiya Irafan Shaikh. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

Sd/-
RTS-I

-:: જાહેર નોટીશ ::-

હમારા અસીલ ધર્મિષ્ઠાબેન કલ્યાણજી દેસાઈ તે સુરેશચંદ્ર દેસાઈના પત્ની, રહેવાસી : અતુલ સોસાયટી રોડ, વાપી, તથા મધુકાંતાબેન કલ્યાણજી દેસાઈ તે રમેશચંદ્ર દેસાઈના પત્ની, રહેવાસી : એ-૨૦૨, સનસાઈન, સી.એચ.એસ. લી. સુભાષ લેન, દફતરી રોડ, મલાડ ઈસ્ટ, તથા સ્વ. જયમતીબેન કલ્યાણજી દેસાઈ તે ચંદ્રકાંત દેસાઈના પત્નીના વારસો પ્રેયસ ચંદ્રકાંત દેસાઈ તથા દર્શના ચંદ્રકાંત દેર્સા તે હિતેશભાઈની પત્ની તરફે મળેલ સુચના અન્વયે આ નોટીસથી સર્વ વ્યક્તી, સંસ્થાને જણાવવામાં આવે છે કે,

આ નોટીશના શેડ્યુલમાં જણાવેલ મિલકત અંગે હમારા અસીલોના વારસાઈ રૂએના હક્ક, હીત, અધિકાર ચાલી આવેલ છે પરંતુ રેકર્ડ દફતરે હમારા અસીલોના નામ ચાલી આવેલ ન હોય, રેકર્ડ દફતરે નોંધાયેલ વ્યક્તીઓ દ્વારા સદર મિલકત વેચાણ કરવામાં આવે તો હમારા અસીલોના હક્ક, હીત, અધિકારને નુકશાન થાય એમ છે અને ખરીદનારને ટાઈટલ મળે એમ નથી. વધુમાં હમારા અસીલ દ્વારા રેકર્ડ દફતરે નોંધાયેલ વ્યક્તીઓને નોટીશ આપવામાં આવેલ છે અને તે નોટીશ તેઓને મળેલ છે.

ઉપરોક્ત સંજોગોમાં સદર મિલકત અંગે હમારા અસીલની જાણ, સંમતિ, પરવાનગી અને લેખીત આધાર વિના કોઈપણ વ્યક્તી, સંસ્થાએ કોઈપણ પ્રકારના તબદીલીના, બોજા, ગીરો, ભાડાપટ્ટા, પરવાના, જામીનગીરી સબંધીના વ્યવહારો કરવા, કરાવવા નહી તેમ છતાં જો કોઈ વ્યક્તી, સંસ્થા તે પ્રકારે વ્યવહારો કરશે તો હમારા અસીલને બંધનકર્તા થશે નહી જેની નોંધ લેવી.

મોજે બાલદા, તા. પારડી, જી.વલસાડના રેવન્યુ ખાતા નંબર :- ૧૫૨૩માં નોંધાયેલ સર્વે નંબર :-૨૫૯/૧ (જુનો સર્વે નં. ૩૬૮+૩૬૯) જેનું ક્ષેત્રફળ ૧-૯૮-૮૭ હે.આરે.ચો.મી. છે તે સ્થાવર મિલકત.

તથા

મોજે બાલદા, તા.પારડી, જી.વલસાડના રેવન્યુ ખાતા નંબર :-૪૬૭માં નોંધાયેલ સર્વે નંબરો,

નવો સર્વે નંબર	જુનો સર્વે નંબર	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.
૨૪૯	૩૭૧/૨	૦-૯૪-૫૯
૨૫૦	૩૭૧/૧	૦-૬૬-૪૯
૨૫૨	૩૮૩/૧	૦-૭૬-૩૯
૨૫૩	૩૮૩/૩	૦-૮૯-૬૩
૩૪૩	૬૩	૦-૭૧-૯૧
૮૨	૬૮/૨	૦-૧૬-૮૧

વાળી સ્થાવર મિલકત.
તા.૩૦/૧૦/૨૦૨૬
ત્રીજા માળે, આઈકોનીક બીલ્ડીંગ,
તાલુકા પંચાયતની બાજુમાં, વલસાડ,
તા.જી. વલસાડ

અસીલની સુચનાથી
સહી/-
(જયંતિભાઈ એલ. ગાંધી)
એડવોકેટ

જાહેર નોટીસ

એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

જન્મ-મરણ કેસ નં.૧૫૦/૨૦૨૬

અરજદાર : સવિતાબેન સોમાભાઈ પટેલ
પેલાડ ફળિયા, વાજવડ, તા.નાનાપોંઢા, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, વાજવડ, તા.નાનાપોંઢા, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **સવિતાબેન સોમાભાઈ પટેલનો** જન્મ તા.૦૧/૦૬/૧૯૬૫ના રોજ મોજે વાજવડ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત વાજવડના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત વાજવડને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી વાજવડ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨) જ.મ.પ.અ.નં.૧૭૬/૨૦૨૬

અરજદાર : શ્રી કોળી જ્યોતીન્દ્રભાઈ નાનુભાઈ, ઉ.આ.વ. ૪૪, ધંધો-ખેતી
રહે. તડગામ, કોળીવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, તડગામ
ગ્રામ પંચાયત કચેરી, તડગામ
તા.ઉમરગામ, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કોળી જ્યોતીન્દ્રભાઈ નાનુભાઈ** રહે. તડગામ, કોળવાડ તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદી **ઈચ્છીબેન માધુભાઈ કોળીનું** મરણ તા.૦૪-૦૪-૧૯૯૨ના રોજ મોજે - તડગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમએજી-૨/જન્મ-મરણ/૨.જી.નં.૧૭૬/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ
પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond
dinesh SUITING
Siyarams SHOP
DONEAR SUITINGS & SHIRTINGS
DIGJAM
NIRVAN SHIRTINGS
ICON ashima LUXURY FABRICS
Kriplon
LORDS MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

તમામ ગામો, મહાનગરપાલિકા, નગરપાલિકામાં તૈયારી

આજે વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૩૦ : ૩૧ ઓક્ટોબરના રોજ અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ અવસરે એકતાનગર ખાતે ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગરિમામય ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી થશે.

આ રાષ્ટ્રીય પર્વમાં જનજન જોડાઈ તેવા ભાવ સાથે કલેક્ટર નિતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ વાપી મહાનગરપાલિકા તેમજ નગરપાલિકાઓ સહિત વલસાડ જિલ્લાના તમામ ગામોમાં કાર્યક્રમો થશે. સાથે લોકો એકતાનગર ખાતેના કાર્યક્રમનું જીવંત પ્રસારણ દરેક ગામમાં નિહાળી શકે તે માટે સ્થાનિક કક્ષાએ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. નાયબ જિલ્લા વિકાસ અધિકારી અશોક ડાંગીએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, વલસાડ જિલ્લાના ૪૫૮ તમામ ગામોમાં એકતાની ભાવના સાથે કાર્યક્રમો થશે.

સૌ પ્રથમ એકતા રેલી યોજાશે.

સાંજે ૫-૦૦ વાગે શરૂ થનારા કાર્યક્રમમાં ગામના વિશિષ્ટ સિધ્ધી મેળવી હોય તેવા લોકોનું સન્માન પણ કરવામાં આવશે. ત્યારબાદ વડાપ્રધાનનું સંબોધન સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોનું જીવન પ્રસારણ રાત્રિના ૮-૦૦ વાગ્યા સુધી નિહાળી શકાશે. આ કાર્યક્રમમાં સ્થાનિક પદાધિકારીઓ, ખેડૂતો, ગામના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

પારડીથી સગીરાના અપહરણનો આરોપી પાલઘરથી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૩૦ : પારડીમાંથી સગીરાનું અપહરણ કરનાર આરોપી મહારાષ્ટ્રના પાલઘરથી ઝડપાયો હતો. પારડી પોલીસે આરોપીનો કબજો લઈને એની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પારડી પોલીસને આરોપીને પકડવામાં સફળતા મળી છે. આરોપી સગીરાને ભગાડીને પાલઘર લઈ ગયો હતો અને ત્યાં ભાડાના રૂમમાં રાખી પોતે નોકરી કરતો હોવાનું ખુલ્યું હતું. ૩ સપ્ટેમ્બરથી સગીરા ગુમ થઈ હતી સવારે નોકરી પર જવાનું કહી નીકળેલી સગીરા પરત ન ફરતાં માતાએ પારડી પોલીસ

મથકે ફરિયાદ નોંધાવી હતી. ઝડપાયેલો આરોપી રીઢો ગુનેગાર પાર્થ અશ્વિનભાઈ પટેલ અગાઉ પણ ૨ સગીરાઓને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચરવાના ગુનામાં જેલની હવા ખાઈ ચૂક્યો છે.

પારડી પોલીસને મળી છે મોટી સફળતા હવે ગુનેગાર ચળિયા પાછળ પહોંચી ગયો છે અને પોલીસે તપાસ કરી છે.



OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**